

# ફઝાએલે મૌલા એ કાએનાત
# હઝરત અલી ઈબ્ને અબી તાલીબ عليه السلام

(40 હદીસ અને 14 વાકેઆત)

# આ કિતાબ

જનાબે ફાતેમતુઝ ઝહરા અને
ખાનદાને જનાબે ફાતેમતુઝ ઝહરા ને
હદીયો કરીએ છીએ અને તેનો અજ તમામ મોબલ્લિગાને
દીન, ઝાકેરાને દીન, ઓલમાએ દીન જેમણે દીનની બકા માટે
પોતાની કોશિશ કરી છે તથા તમામ મરહુમીનને હદીયો
કરીએ છીએ. તેમજ આ કિતાબને નીચેના મરહુમીનના રૂહના
સવાબમાં વકફ કરીએ છીએ. વાંચકોને વિનંતી કે
એક સુરે ફાતેહા પઢી મરહુમીનને બક્ષી આપે.

મરહુમ હાજી મોહમ્મમદઅલી અલાઉદ્દીનભાઈ કિકરિયાવાળા
મરહુમ વલીમોહમ્મદભાઈ નાનજીભાઈ
મરહુમાં શહેરબાનુંબેન હસનભાઈ
મરહુમ અકબરઅલી મહેરઅલી લાખાણી
મરહુમ મોહમ્મદઅલી રમઝાનઅલી વિરાણી
મરહુમ રમઝાનઅલી નઝરઅલી ફતવાણી
મરહુમ શેરઅલી બચુભાઈ રાજાણી
મરહુમાં  રૂકૈયાબાનું હીરજીભાઈ
મરહુમાં ખૈરૂન્નીસાબાનું શેરઅલી મરચન્ટ
મરહુમ રજબઅલી શીદીભાઈ ફરસ્તા
મરહુમા જેનાબેન ઈસ્માઈલભાઈ
મરહુમ ડૉ. સજ્જાદઅલી ચારણીયા
મરહુમ ફિદાહુસેન મોહમ્મદભાઈ લાખોતરા
મરહુમાં સકીનાબેન સિદ્દીભાઈ ફરસ્તા
મરહુમ હુસૈનઅલી શેરઅલી મરચન્ટ
મરહુમાં અમીનાબાનું ગુલામહુસેન નાયાણી અને વરતેજી ફેમીલી
મરહુમાં નુરબાનું કુરબાનઅલી વકીલ

**લેખકઃ**

શેખુલ અકદમ મુન્તખબુદ દીન અલી ઇબ્ને અબ્દુલ્લાહ ઇબ્ને બાબવેયહ અઝઝારી (શૈખે સુદુક (અ.ર.) ના પિતા)

**ઉર્દુ તરજુમોઃ**

સય્યદ મોહમ્મદ અસગર નકવી

(જામેઅ ઈલ્મીયા  કરાચી)

**ઉર્દુ પ્રકાશકઃ**

અકબર હુસૈન જીવાણી ટ્રસ્ટ કરાચી

**ગુજરાતી તરજુમોઃ**

સજ્જાદઅલી ફતવાણી

**પ્રકાશકઃ**

અદ્લ ફાઉન્ડેશન, મહુવા

**પ્રકાશન વર્ષઃ**

માહે રમઝાનુલ મુબારક, હી.સ. ૧૪૪૩

**પ્રિન્ટરઃ**

આલ્ફા કોમ્પ્યુટર્સ, મો. ૯૩૭૪૫૪૩૬૦૧

**પ્રાપ્તિસ્થાનઃ**

દુ.૪૯, આનંદધન કોમ્પ્લેક્ષ

મહુવા-૩૬૪૨૯૦

મોઃ-૭૩૮૩૬૨૬૨૯૨ Email: adlfoundation110gmail.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ كُنْ لِوَلِيِّكَ الْحُجَّةِ بْنِ الْحَسَنِ

صَلَوَاتُكَ عَلَيْهِ وَعَلٰى آبَائِهِ

فِيْ هٰذِهِ السَّاعَةِ وَفِيْ كُلِّ سَاعَةٍ

وَّلِيًّا وَّ حَافِظًا وَّ قَائِدًا وَّ نَاصِرًا وَّ دَلِيْلاً وَّ عَيْنًا

حَتّٰى تُسْكِنَهٗ اَرْضَكَ طَوْعًا وَّ تُمَتِّعَهٗ فِيْهَا طَوِيْلاً

# અનુક્રમણિકા


| નં. | વિગત |
|---|---|
| | પ્રસ્તાવના |
| ૧ | એહલેબેય્ત(અ.મુ.સ)ના ચાહવાવાળા કોણ? |
| ૨ | હ.અલી અ.સ.ની ત્રણ ખૂબીઓ |
| ૩ | જ.નૂહ અ.સ.ની કિશ્તી |
| ૪ | હ.અલી અ.સ.,રસુલે ખુદા સ.અ.વ. ના ખભા પર |
| ૫ | હક્ક મોલા અલી અ.સ. સાથે છે |
| ૬ | હ.અલી અ.સ. નફસે રસુલ સ.અ.વ. |
| ૭ | હ.અલી અ.સ. ખલીફાએ રસુલ સ.અ.વ. |
| ૮ | હ.અલી અ.સ. ની મોહબ્બત |
| ૯ | એહલેબૈત અ.મુ.સ.ની મોહબ્બત અને એહલેબૈત અ.મુ.સ.થી બુગ્ઝ |

| | |
|---|---|
| ૧૦ | હ.રસુલે ખુદા સ.અ.વ જેવી ઝીંદગી અને તેમના જેવી મૌત |
| ૧૧ | ખરો ખુશબખ્ત અને ખરો બદબખ્ત |
| ૧૨ | હ.અલી અ.સ.થી શદીદ મોહબ્બત |
| ૧૩ | હ.અલી અ.સ.ની ઈતાઅત અને નાફરમાની |
| ૧૪ | જન્નતમાં એહલેબૈત અ.મુ.સ.નો સાથી |
| ૧૫ | અલ્લાહ કોની સાથે રાઝની વાતો કરે છે? |
| ૧૬ | હ.અલી અ.સ.ના હાથોમાં ફતહ |
| ૧૭ | હક્ક અલી અ.સ.ની સાથે |
| ૧૮ | ફરિશ્તાઓની સલવાત |
| ૧૯ | અલી અ.સ.થી મોહબ્બત નેકી છે અને અલી અ.સ.થી બુગ્ઝ બુરાઈ છે |
| ૨૦ | હ.અલી અ.સ. અલ્લાહના સૌથી વધારે પ્રિય |

| | |
|---|---|
| ૨૧ | હ.અલી અ.સ. માટે ચાર ખાસિયતો |
| ૨૨ | સૌથી અફઝલ સિદ્દીક |
| ૨૩ | મોહિબ્બે અલી અ.સ.નું સ્થાન જન્નત |
| ૨૪ | ઈસ્લામમાં સૌથી આગળ |
| ૨૫ | હ.અલી અ.સ.ની ઈતાઅત અને નાફરમાની |
| ૨૬ | અલી અ.સ.ના ગોશ્ત અને ખૂનમાં અલ્લાહની મોહબ્બત |
| ૨૭ | ફાતેહે ખયબર |
| ૨૮ | હિદાયતનો પરચમ અને ઈમાનનો મીનાર |
| ૨૯ | મેઅરાજમાં ફઝાએલે અલી અ.સ. |
| ૩૦ | અલી અ.સ.નો દામન પકડી રાખજો |
| ૩૧ | જિબ્રઈલની ઝબાનથી મૌલા અલી અ.સ.ના ફઝાએલ |
| ૩૨ | દુશ્મને અલી અ.સ.નો અંજામ |

| | |
|---|---|
| ૩૩ | અલી અ.સ.નો દામન ન છોડતા કારણકે.... |
| ૩૪ | હ.અલી અ.સ.પયગમ્બરોના સરદાર |
| ૩૫ | દિલોમાં અલી અ.સ.ની મોહબ્બત |
| ૩૬ | રસુલે ખુદા સ.અ.વ.થી મોહબ્બત અને અલી અ.સ.થી બુગ્ઝ રાખનારનો અંજામ |
| ૩૭ | રસુલે ખુદા સ.અ.વ.ને કોણ અઝીય્યત આપનાર? |
| ૩૮ | હ.અલી અ.સ.નબીઓના દોસ્ત |
| ૩૯ | હ.રસુલે ખુદા સ.અ.વ.ના દુનિયા અને આખેરતના ભાઈ |
| ૪૦ | હ.અલી અ.સ.થી કુરઆન જુદા નહી થાય |
| ૧ | હ.અલી અ.સ.નો તેમના દુશ્મનના યતીમો સાથે વર્તાવ |

| | |
|---|---|
| ૨ | સ્વપનમાં ઔરતની આંખની રોશની પલટાવનાર શખ્સ કોણ હતા? |
| ૩ | ઈમામ હસન અ.સ.નો મોઆવિયા પર આકરો પ્રહાર |
| ૪ | કડવુ મધ |
| ૫ | મૈદાને ગદીરમાં કોની ઉપર અઝાબ નાઝીલ થયો? |
| ૬ | હઝરત અલી અ.સ.ના ફઝાએલ સાંભળી મોઆવિયાનુ રડવું |
| ૭ | જન્નત અને જહન્નમના તકસીમ કરનાર કોણ? |
| ૮ | કોની માટે સૌથી વધારે ફઝાએલ બયાન થયા? |
| ૯ | અલી અ.સ.નું નામ લેવુ કઈ રીતે ઈમ્તેહાન? |
| ૧૦ | મોઆવિયાને તેનાજ દરબારમાં |

| | |
|---|---|
| | શરમિંદગી |
| ૧૧ | હોશિયાર સિપાહી |
| ૧૨ | આ માણસ કદી ગરીબ નહી થાય |
| ૧૩ | કોણ છે કે જે અલ્લાહને ખરાબ કહે? |
| ૧૪ | અલી અ.સ.મેં શા માટે તેને થપ્પડ મારવાનો હુકમ આપ્યો? |

# બીસ્મીલ્લાહિર રહમા નિર રહીમ

## પ્રસ્તાવના

અલ્લાહ ત.ત. નો લાખો શુક્ર કે જેણે આપણને એહલેબૈત અ.મુ.સ.થી મુતમ્સ્સિક કર્યા અને આપણા દિલને અલી અ.સ. અને એહલેબૈત અ.મુ.સ.ની મોહબ્બતથી માલામાલ કર્યા.

અલી અ.સ.એ અઝીમ શખ્સિયત છે કે જે આલમે ઇસ્લામમાં રસુલે ખુદા સ.અ.વ.ના જાનશીન,ઈમામે બરહક,જ.ઝેહરા સ.અ.ના શૌહર હતા.લોકો આપની અઝમત અને મંઝેલત જાણતા હોવા છતાં આપના પર ઝુલ્મ કર્યા. જેમકે શૈખ અબ્બાસે કુમ્મી અ.ર. નજફમાં બહાર ઉભા હતા અને લોકોને અંદર બહાર

નીકળતા જોઈ રહ્યા હતા.એક શખ્સે પૂછ્યું કે તમે શું વિચારમાં છો? તો શૈખે કહ્યુ કે:મને મદીના યાદ આવી ગયું કે આટલા બધા લોકો અલી અ.સ.ને ચાહનારા મૌજૂદ હોત તો અલી અ.સ.ના ગળામાં રસ્સી નાખવાની કોઈ હિમત ન કરત. અલી અ.સ. અને તેમની એહલેબૈત અ.મુ.સ.ના દુશ્મનો પર અલ્લાહ લઅનત કરે અને ઈમામે ઝમાના અ.ત.ફ.શ.નો જલ્દ ઝુહુર ફરમાવે.

ખુદાવંદે આલમ નો શુક્ર છે કે તેણે તૌફિક અતા કરી કે ઇસ્મતો તહારત બીબી જ.ઝહરા સ.અ.ની ખિદમતમાં ઈમામે ઝમાના અ.સ.ની નિયાબતમાં એક અદના

કોશિશ કરી કે જે આ કિતાબના સ્વરૂપમાં રજુ કરીએ છીએ.

કે જેનું મૂળ અરબી કિતાબ,કે જેનું નામ અરબઉના હદીસા કે જેના લેખક શેખુલ અકદમ મુન્તખબુદ દીન અલી ઇબ્ને અબ્દુલ્લાહ ઇબ્ને બાબવેયહ અઝઝારી (શૈખે સુદુક (અ.ર.) ના પિતા)હતા અને તેનો ઉર્દુ તરજુમો કરનાર સય્યદ મોહમ્મદ અસગર નકવી (જામેઅ ઈલ્મીયા કરાચી) કે જેના પ્રકાશક અકબર હુસૈન જીવાણી ટ્રસ્ટ કરાંચી છે. અને જેનો ઉર્દુમાંથી ગુજરાતી તરજુમો કરવાની અમોને સઆદત હાસિલ થઈ છે.તો એ તમામ લોકોનો શુક્રિયા અદા કરીએ છીએ કે જેણે આ કિતાબને પરીપૂર્ણ કરવા માટે કોશિશ કરેલ છે.

index



index

સાથોસાથ આપણે એ પણ જાણીએ છીએ કે મઅસૂમીન અ.મુ.સ. ફક્ત ૧૪ જ છે.માટે આ કિતાબમાં ખામી રહીત બનાવવા કાળજી લેવામાં આવી છે,એમ છતાં કોઈપણ જાતની ત્રુટી કે ઉણપ રહી ગઈ હોય તો આપના સૂચનો અમને Email કરવા વિનંતી.

Email ID:
adlfoundation110gmail.com

# હદીસો

## હદીસ નં. ૧:
## એહલેબેય્ત(અ.મુ.સ.)ના ચાહવાવાળા કોણ?

ઝેદ બિન યુસયઅ કહે છે મેં અબુબકરથી સાંભળ્યુ કે તેણે કહ્યું:- મેં રસુલે ખુદા સ.અ.વ.ને જોયા કે એક ખેમો લાગેલો હતો અને હઝરત એક અરબી કમાનને ટેકો લગાવી ઉભા છે અને તે ખેમામાં હઝરત ફાતેમા સ.અ.,હઝરત અલી અ.સ.,હઝરત હસન અ.સ.,હઝરત હુસૈન અ.સ. છે હઝરત સ.અ.વ.ફરમાવી રહ્યા છેઃમારી તેની સાથે સુલેહ છે જેની આ ખેમામાં બેઠવા વાળા સાથે સુલેહ છે,મારી જંગ તેની સાથે છે જેની આ

ખેમાવાળાઓ સાથે જંગ છે,હું તેનો દોસ્ત છુ જેના આ દોસ્ત છે.તેમની સાથે તે જ મોહબ્બત રાખશે જેના બાપ-દાદાઓ નેક હશે અને જેની વિલાદ્ત પાક હશે. (હલાલઝાદો હશે),અને તેમનાથી એજ દુશ્મની રાખશે કે જેના બાપ-દાદાઓ બદબખ્ત અને જેની વિલાદ્ત નજીસ હશે.

તે માણસે કહ્યું:અય ઝૈદ શું તે અબુબકરથી આ વાત સાંભળી છે? ઝૈદે કહ્યું:હા કાબાના રબની કસમ

(ફરાએદુસ્સીમ્તેન જી.૨, પેજ-૩૯, હદીસ નં-૩૭૩)

## હદીસ નં. ૨

## હ.અલી અ.સ.ની ત્રણ ખૂબીઓ

ઇબ્ને અબ્બાસથી રિવાયત છે કે તેઓએ કહ્યું મેં ઉમર ઇબ્ને ખત્તાબથી સાંભળ્યું છે કે જયારે તેની પાસે લોકોનો એક સમૂહ હતો,તે લોકોએ ઇસ્લામ પર સબકત રાખવાવાળાનો ઝીક્ર કર્યો તો ઉમર ઇબ્ને ખત્તાબે કહ્યું:અલી ઇબ્ને અબી તાલિબ અ.સ.ની બારામાં રસુલે ખુદા સ.અ.વ.થી સાંભળ્યું છે કે અલી અ.સ.માં ત્રણ ફઝીલતો છે અગર તેમાંથી એક પણ મારામાં હોત તો એ તમામ ચીજોથી વધુ પસંદીદા હોત કે જેના પર સુરજની રોશની પડે છે.

(પછી કહ્યું)હું અને અબુબકર અને અબુ ઓબ્યદા અને સહાબીઓમાંથી એક સમૂહ હતો કે પયગમ્બર સ.અ.વ.અલી અ.સ.ના ખભા પર હાથ માર્યો અને ફરમાવ્યું:યા અલી તમે ઈમાનની દ્રષ્ટીએથી તમામ મોઅમીનોથી પેહલા છો, ઈસ્લામમાં તમામ મુસલમાનોના ઈસ્લામ લાવવા કરતા પેહલા છો,અને તમારી મંઝેલત મારી નઝદીક એવી જ છે જેવી રીતે હઝરત હારુન અ.સ.ની મંઝેલત મુસા અ.સ. થી હતી.

(રીયાઝુન્નઝરહ ભાગ.૨ પેજ ૧૭૫, બેહારૂલ અન્વાર ભાગ.૩૮ પેજ ૨૪૬)

## હદીસ નં. ૩

## જ.નૂહ અ.સ.ની કિશ્તી

ઉસ્માન ઇબ્ને અફ્ફાને કહ્યું રસુલ સ.અ.વ.મેં ફરમાવ્યું:હઝરત અલી અ.સ. અને હઝરત ફાતેમા સ.અ.ની મિસાલ આ ઉમ્મત માટે હઝરત નૂહ અ.સ.ની કશ્તી જેવી છે,જે તેમાં સવાર થયો તે નજાત પામ્યો અને જેણે તેમને છોડી દીધા તે ડૂબી ગયા.

(કશ્ફુલ ગુમ્માહ પેજ ૪૩,મનાકીબે ખ્વારઝમી પેજ ૧૯)

## હદીસ નં. ૪

## હઝરત અલી અ.સ.,

## હઝરત રસુલે ખુદા સ.અ.વ.ના ખભા પર

હઝરત અલી અ.સ. ફરમાવે છે (મક્કા ફતેહ થયાના દિવસે)હું અને હઝરત રસુલે ખુદા સ.અ.વ. ચાલ્યા ત્યાં સુધી કે કાબાની પાસે પહોંચ્યા હઝરત રસુલે ખુદા સ.અ.વ.એ મને ફરમાવ્યું:બેઠો!પયગમ્બર મારા ખભા પર સવાર થયા,હું ઉભા થવાની કોશિશ કરી રહ્યો હતો,જયારે પયગમ્બરે મારી કમઝોરીને જોઈ તો,નીચે ઉતર્યા અને પોતે ઝમીન પર બેસી ગયા અને મને હુકમ આપ્યો:મારા ખભા પર સવાર થઈ જાવ,પછી હું સવાર થયો અને હઝરત ઉભા થયા,મને એવું મેહસૂસ થઈ રહ્યું હતું કે

ચાહું તો આસમાનને હાથ લગાવી શકું,હું કાબાની અંદર ઉંચાઈ પર રાખેલ તાંબા યા પિત્તળના બુતોને પયગંબર સ.અ.વ ની જમણી-ડાબી બાજુથી આગળ અને પાછળથી પછાડી રહ્યો હતો,ત્યાં સુધી કે મારો હાથ દરેક સુધી પહોંચી ગયો તો રસુલ સ.અ.વ.મેં મને ફરમાવ્યું કે તેને ઝમીન પર ફેંકી દયો,મેં ફેંક્યા તો તે એ રીતે તુટવા લાગ્યા જેવી રીતે કાચ તૂટે છે.

(મુસ્નદે એહમદ જી.૧ પેજ.૮૪)

## હદીસ નં. ૫
## હક્ક મૌલા અલી અ.સ. સાથે છે.

ઓબ્યદુલ્લાહ ઇબ્ને અબ્દુલ્લાહ કીંદીથી રિવાયત છે કે મોઆવીયા ઇબ્ને અબી સુફિયાને એક વર્ષ હજ કરી પછી એક મેહફીલમાં આવ્યો અને જ્યાં અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ અને અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર બેઠા હતા,પછી મોઆવીયાએ અબદ્લ્લાહ ઇબ્ને અબ્બાસની જાંઘ પર હાથ માર્યો અને કહ્યું:હું તારા ચાચાના દીકરા (અલી ઇબ્ને અબી તાલિબ)કરતા વધારે ખિલાફતનો હકદાર છુ.

ઇબ્ને અબ્બાસે પૂછ્યું :એ કેવી રીતે?

મોઆવીયાએ કહ્યું:હું મક્તુલ ખલીફાના કાકાનો દીકરો છુ જેને ઝુલ્મથી કત્લ કરવામાં આવ્યો

ઇબ્ને અબ્બાસે અબ્દુલ્લાહ ઇબ્ને ઉમરની જાંઘ પર હાથ માર્યો અને કહ્યું આ તારાથી વધારે હકદાર છે કારણકે તેનો બાપ તારા પિતરાઈથી પહેલા કત્લ થયો.

મોઆવીયાએ કહ્યું:-તે જલ્દી ગુજરી ગયો,તેવું કઈક મોઆવીયા બોલ્યો

પછી મોઆવીયા સઅદ ઇબ્ને અબી વક્કાસની તરફ જોઈને કે જ્યાં તે હાઝીર હતો,મોઆવીયાએ કહ્યું :એ સઅદ તે અમારા હકને અમારા બાતીલથી ન ઓળખ્યો,તું અમારી સાથે છે કે અમારી ખિલાફ?

સઅદે કહ્યુંઃજયારે મેં જોયું કે અંધારાએ સારી ઝમીનને ઢાંકી દીધી છે તો મેં મારી સવારીને ધીમી કરી અને બેઠાડી અને જયારે સફેદી જાહેર થઈ તો હું રવાના થઈ ગયો (એટલે કે ગુમરાહી નું અંધારું એટલે કે મતલબ એ કે હક અને બાતીલમાં ફર્ક થતો ન હતો,તો હું એક તરફ બેઠી ગયો.કોઈનો સાથ ન આપ્યો જયારે દિવસ થયો એટલે કે હક અને બાતીલ સ્પષ્ટ થઈ ગયું તો હું હક સાથે થઈ ગયો)

મોઆવીયાએ કહ્યુંઃખુદાની કસમ હકીકતમાં તે કુરઆન પઢયુ છે યા જે કઈ બે પૃષ્ઠોની દરમ્યાન છે શું તે તેમાં લફ્ઝ હબજ એટલે કે ધીમી ગતી કરવું વાચ્યું છે?

સઅદે કહ્યું:જયારે હું બેદાર થયો કે મેં રસુલેખુદા સ.અ.વ.ને હમેંશા હઝરત અલી અ.સ.થી આ રીતે કહેતા સાંભળ્યા કે તમે હક સાથે છો અને હક તમારી સાથે છે.

મોઆવીયાએ કહ્યું:તો કોઈ ગવાહ લઈ આવ જેણે તારી સાથે આ હદીસ સાંભળી હોય નહિતર તને સખ્ત સજા આપીશ.

સઅદે કહ્યું:જ.ઉમ્મે સલમા અ.ર.(મારી આ વાતના ગવાહ છે)

પછી રાવી કહે છે મોઆવીયા અને બાકી તમામ લોકો ઉભા થઈને જ.ઉમ્મે સલમા અ.ર.ના ઘરે આવ્યા ,મોઆવીયાએ પહેલા જ કહ્યું:અય ઉમ્મુલ મોઅમેનીન!પયગમ્બર પછી હઝરત પર ઘડું જ જુઠ બોલવામાં આવી રહ્યું છે,હમેંશા કેહવા વાળા કહે છે કે રસુલે ખુદા

સ.અ.વ. મેં ફરમાવ્યુંઃજયારે કે રસુલે ખુદા સ.અ.વ.મેં નથી ફરમાવ્યું.હમણાં સઅદે એક હદીસ નકલ કરી અને સઅદનું માનવું છે કે તમે પણ સઅદ સાથે આ હદીસ સાંભળી છે.

જ.ઉમ્મે સલમા એ પૂછ્યુંઃતે કઈ હદીસ છે ?

મોઆવીયાએ કહ્યુંઃસઅદનું ગુમાન છે કે પયગમ્બર સ.અ.વ.મેં અલી અ.સ.ને કહ્યું તમે હક સાથે છો અને હક તમારા સાથે છે.

જ.ઉમ્મે સલમા એ કહ્યુંઃતેણે સાચું કહ્યું છે. પયગમ્બરે મારા ઘરે આ હદીસ ફરમાવી છે.

મોઆવીયાએ સઅદ તરફ જોઈને કહ્યું:હવેથી તું મારા નઝદીક પહેલાથી વધારે માનનીય બની ગયો છો.

પછી મોઆવીયાએ કહ્યું:અગર આ હદીસ ખુદ મેં પયગમ્બરથી સાંભળી હોત તો હું પૂરી ઝીંદગી અલી અ.સ.ની ખિદમત કરતો રહેત.

# હદીસ નં. ૬
# હઝરત અલી અ.સ.
# નફસે રસુલ સ.અ.વ.

અબ્દુરરહમાન ઈબ્ને ઓફે કહ્યું જયારે રસુલે ખુદા સ.અ.વ.એ મક્કા ફતેહ કર્યું તો તાએફ તરફ આવ્યા અને સતર કે અઢાર દિવસ સુધી તાએફને ઘેરી લીધું પરંતુ ફતેહ ન કર્યું,એક સવાર અથવા એક રાત રહ્યા પછી ઉતર્યા અને નારાઝગીથી ફરમાવ્યું:લોકો હું તમારાથી પહેલા દુનિયાથી જવાનો છુ અને હું મારી ઈતરતના બારામાં તમને વસીયત કરું છુ,કે તેમની સાથે સારૂ વર્તન કરજો અને તમારી વાયદાની જગ્યા હવઝે કવસર છે,તેની કસમ જેના કબઝે કુદરતમાં મારી જાન

છે,તમારા માટે જરૂરી છે કે નમાઝ કાએમ કરો,ઝકાત અદા કરો,નહિતર હું તમારી તરફ એક એવા મર્દ મોકલીશ જે મારાથી હશે,અથવા મારા નફસ એટલે કે મારી જેવા હશે,તે તમારામાંથી જંગ કરવાવાળાઓની ગરદનો ઉડાવી દેશે અને તમારી ઔલાદને કૈદી બનાવશે,લોકોએ અબુબક્ર અને ઉમર તરફ જોયું,પછી પયગમ્બર(સ.અ.વ)એ અલી (અ.સ.)નો હાથ પકડી ફરમાવ્યું : તે મર્દ આ છે.

તે શખ્સ કહે છે કે પછી અબ્દુર રહમાન ઇબ્ને ઓફે કયુ કાર્ય અંજામ આપ્યું?

જવાબ મળ્યો:(તમને તેના પર નવાઈ લાગે છે?)તેના કરતા વધારે અજીબ કામ પણ છે?.

(અમાલી તુસી પેજ ૩૨૧, મુસ્તદરક હાકિમ જી.૨ પેજ ૧૨૦)

## હદીસ નં. ૭
## હઝરત અલી અ.સ.
## ખલીફાએ રસુલ સ.અ.વ.

અબ્દુલ્લાહ ઇબ્ને મસઉદ કહે છે કે જે રાતે જિન્નાતથી જંગ થઈ(ત્યારે હું નબી સ.અ.વ.ની સાથે હતો)તો હુઝુર સ.અ.વ.મેં એક આહ ભરી,મેં અર્ઝ કરીઃયા રસુલ સ.અ.વ.તમને શું થયું?(આહ કેમ ભરી)

આપ સ.અ.વ.મેં ફરમાવ્યુંઃહું આ દુનિયાથી કુચ કરવા જઈ રહ્યો છુ,પછી ફરીથી આ વાક્યનું પુનરાવર્તન કર્યું.

ઇબ્ને મસઉદ કહે છે મેં અર્ઝ કરીઃખલીફા કોને બનાવવા જોઈએ?

હઝરતે ફરમાવ્યુંઃકોને?

મેં કીધું :અબુબકર?

હઝરત અમુક સમય ખામોશ થઈ ગયા,પછી ફરી આ વાક્ય બોલ્યા.(હું આ દુનિયાથી કુચ કરવા જઈ રહ્યો છુ)

અર્ઝ કરી:ખલીફા કોને બનાવવા જોઈએ ?

હઝરતે ફરમાવ્યું:કોને?

મેં કીધું :ઉમર?

હઝરત અમુક સમય ખામોશ થઈ ગયા,પછી ફરી આ જ વાક્ય કહ્યુ(હું આ દુનિયાથી કુચ કરવા જઈ રહ્યો છુ)

અર્ઝ કરી :ખલીફા કોને બનાવવા જોઈએ?

હઝરતે ફરમાવ્યું :કોને?

મેં કીધું :અલી અ.સ.ને

હઝરતે ફરમાવ્યું:તે ખુદાની કસમ જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે અગર લોકો અલી અ.સ..ની ઈતાઅત કરશે તો યકીનન તેઓ બધા જન્નતમાં જશે.

(મેઅત મન્કબત પેજ. ૨૯)

# હદીસ નં. ૮

## હઝરત અલી અ.સ.ની મોહબ્બત

ઇબ્ને અબ્બાસ કહે છેઃ એક દિવસ રસુલ સ.અ.વ.બીમાર હતા,હઝરત અલી અ.સ. સવાર સવારમાં હુઝુર સ.અ.વ.ની ખિદમતમાં આવ્યા (શાયદ) હઝરત અલી ચાહતા હતા કે મારાથી પહેલા કોઈ ન પહોંચે.હુઝુર અકરમ સ.અ.વ. સેહનમાં સુતા હતા અને આપનું સર મુબારક દેહયહ ઇબ્ને ખલીફા કલ્બીના ખોળામાં હતું તો હઝરત અલી અ.સ.મેં ફરમાવ્યુંઃઅસ્સલામુન અલયક!રસુલ (સ.અ.વ)ની તબિયત કેમ છે?

દેહયહ એ કહ્યું:અય રસુલે ખુદા (સ.અ.વ.)ના ભાઈ!હુઝુર સ.અ.વ.ને સારું છે.

તો મૌલા અ.સ.મેં ફરમાવ્યું:અલ્લાહ તઆલા અમો એહલેબૈત અ.મુ.સ તરફથી તમને જઝાએ ખૈર અતા કરે.

દેહયહએ હઝરત અલી અ.સ.ને કહ્યું:હું તમને મોહબ્બત કરું છુ અને મારી પાસે આપની માટે એક મદહ(વખાણ)છે,જે આપને હદીયા કરું છુ.

તમે અમીરુલ મોઅમેનીન અને નુરાની પેશાનીવાળાઓના ઈમામ છો,

સૈયદુલ મુરસલીન સ.અ.વ.ના પછી ઇબ્ને આદમના સરદાર છો,

કયામતના દિવસે આપને અને આપના શિયાઓને મોહમ્મદ સ.અ.વ. અને તેના સમૂહ સાથે શણગારીને જન્નતમાં લઈ જવામાં આવશે,

ખરેખર તે માણસ કામયાબ થશે જે તમારાથી મોહબ્બત કરે અને તમારી વિલાયત રાખે,અને તે નુકશાનીમાં રેહશે જે તમારાથી દુશ્મની રાખે,મોહમ્મદ સ.અ.વ.ની મોહબ્બતના કારણે તમારાથી મોહબ્બત કરે,જે પયગમ્બર સ.અ.વ.ની દુશ્મનીના કારણે તમારાથી દુશ્મની કરે છે,તેમને મોહમ્મદ સ.અ.વ.ની શફાઅત નસીબ નહી થાય,અલ્લાહના પસન્દીદા! (ચુટાયેલા),આપના ચાચાના દીકરાની નજદીક આવી જાવ,આપ અ.સ. હુઝુર સ.અ.વ.ની નજીક વધારે હકદાર છો

પછી દેહયહ એ હુઝુર સ.અ.વ.નું સર મુબારક ઉઠાવીને હઝરત અલી અ.સ. ના ખોળામાં આપ્યું.

હુઝુર સ.અ.વ બેદાર થયા તો આપ (સ.અ.વ)મેં પૂછ્યુંઃશું અવાઝો આવી રહી હતી ?

હઝરત અલી અ.સ. મેં પૂરી વાત બયાન કરી.

હુઝુર સ.અ.વ મેં ફરમાવ્યુંઃઆ દેહયહ ન હ્તો તેઓ જિબ્રઈલ અ.સ. હતા,જેણે તમારા એ નામ લીધા જે ખુદા એ રાખ્યા છે,તે જ ખુદાએ આપની મોહબ્બત લોકોના દીલોમાં નાખી છે અને દુશ્મનોના દિલોમાં તમારો ખૌફ નાખ્યો છે.તેની સાબિતી ખુદાનો આ કૌલ છેઃ

જે લોકો ઈમાન લાવ્યા અને તેઓએ નેક આમાલ કર્યા ખુદાએ રેહમાન તેમની મોહબ્બત તેમના દિલોમાં નાખી દેશે.

(સુરે મરયમ આ. ૯૬)

આ આયતમાં મોહબ્બતથી મુરાદ અલી ઇબ્ને અબીતાલિબ અ.સ.ની મોહબ્બત છે.

(તફસીરે નીશાપુરી ભા.૨/પાના નં.૫૨૦/
સવાએકે મોહર્રકા પેજ.૧૧૭)
(અર્જહુલ મતાલીબ પેજ.૩૧,
ઈર્શાદુલ કોલુબ પેજ.૨૩૭)

# હદીસ નં. ૯
# એહલેબૈત અ.મુ.સ.ની મોહબ્બત અને એહલેબૈત અ.મુ.સ.થી બુગ્ઝ

હઝરત ઈમામ હસન ઇબ્ને અલી ઇબ્ને અબીતાલિબ અ.સ. થી નકલ કરે છે કે રસુલે ખુદા સ.અ.વ.બકીઉલ ગરકદ(જન્નતુલ બકીઅ)માં તશરીફ ફરમાવેલ હતા,જયારે કે જઅફર ઇબ્ને અબુતાલીબ હુઝુર સ.અ.વ ની પાસે થી પસાર થયા પયગમ્બરે ફરમાવ્યું:તમારા ભાઈ અલી અ.સ.ની બાજુમાં ઉભા રહીને નમાઝ અદા કરો.પછી હુઝુર સ.અ.વ.આગળ ઉભા રહ્યા,બન્નેએ રસુલે અકરમ સ.અ.વ.ની પાછળ નમાઝ પઢી,તો જયારે હઝરત નમાઝમાંથી ફારિગ થયા તો

બન્ને (અલી અ.સ. અને જઅફર અ.સ.)તરફ રુખ કર્યુ અને ફરમાવ્યું :અય જઅફર!આ જિબ્રઈલ અ.સ. ખુદા તરફથી મને ખબર આપે છે કે ખુદાએ તમારા માટે બે પાંખ પેદા કરી છે જન્નતમાં અને તમારો રબ જુમેરાતના દિવસે સૈર કરાવશે.

રાવી કહે છે હઝરત અલી અ.સ.મેં અર્ઝ કરી મારા મા-બાપ આપ પર કુરબાન થાય અય અલ્લાહના રસુલ સ.અ.વ.!આ ઇનઆમ તો મારા ભાઈ જઅફર માટે ખુદા પાસે છે,મારા માટે મારા રબ પાસે શું છે?

પયગમ્બર સ.અ.વ.મેં ફરમાવ્યું:તમને મુબારક થાય! મુબારક થાય! યા અલી અ.સ.!ખુદાએ તમારા માટે એક મખ્લુક પૈદા કરી છે,જે કયામત સુધી ઇસ્તીગ્ફાર કરશે.

હઝરત અલી અ.સ. એ અર્ઝ કરીઃમારા માઁ બાપ આપના પર કુરબાન થાય અય અલ્લાહના રસુલ સ.અ.વ.!તે મખ્લુક કોણ છે?

હુઝુર સ.અ.વ. મેં ફરમાવ્યુંઃતે મોઅમીનો છે કે જે કહે છે

رَبَّنَا اغْفِرْ لَنَا وَلِإِخْوَانِنَا الَّذِينَ سَبَقُونَا بِالْإِيمَانِ

(બારે ઇલાહા!અમોને બક્ષી દે અને અમારા તે ભાઈઓને બક્ષી દે જે ઈમાનમાં અમારી પર આગળ નીકળી ગયા) (સુરે હશ્ર આ.૧૦)

શું તમારી પહેલા કોઈ ઈમાનમાં આગળ વધ્યું?

યા અલી!જયારે કયામતનો દિવસ હશે તો બાર હઝાર ફરિશ્તાઓ તમારી તરફ આગળ વધશે અને તમોને ઉઠાવશે,જયારે તમે અલ્લાહ તઆલા સામે ઉભા હશો તો અલ્લાહ તઆલા ફરમાવશેઃઅય અલી અ.સ. તમે સવાલ કરો,મેં પોતાની ઝાત પર કસમ ખાઈને વાજિબ કર્યું છે કે આજે તમારી એક હઝાર હાજત પૂરી કરીશ

હઝરત અલી અ.સ.મેં કહ્યુંઃયા રસુલ સ.અ.વ!તો પછી હું મારી ઓલાદ અને મારી એહલેબૈત ની હાજત માંગવાનું શરૂ કરીશ?

હુઝુર સ.અ.વ.મેં ફરમાવ્યુંઃતમારા એહલેબૈત (અ.મુ.સ.)એ દિવસે તમારા મોહતાજ નહી હોય,માટે તમે તમારા

ચાહ્વાવાળા અથવા તમારા શીઆઓના બારામાં માંગજો .

પછી નબી અકરમ સ.અ.વ.મેં ફરમાવ્યું :ખુદાની કસમ!ખુદાની કસમ!ખુદાની કસમ!અગર કોઈ એવો માણસ કયામતના દિવસે આવી જાય જેના ગુનાહ્ ઝાડના પાંદડા,વરસાદના ટીપા અને ઝમીનના કણો કરતા વધારે હોય પછી તે તમારી અને તમારી એહલેબૈત અ.મુ.સ.ની મોહબ્બત દિલમાં રાખી ખુદાની બારગાહ્ માં હાઝીર થાય તો ચોક્કસ ખુદા તેને જન્નતમાં દાખલ કરશે.

પછી પયગમ્બર સ.અ.વ.મેં ફરમાવ્યું:ખુદાની કસમ!ખુદાની કસમ!ખુદાની કસમ!અગર કોઈ માણસ

દિવસના રોઝા રાખે અને રાત્રે ઉભા રહીને ઈબાદત કરે અને અલ્લાહની રાહમાં ઘોડા પર સવાર થઈ ને જેહાદ કરે પછી તે તમારી અને તમારી એહલેબૈત અ.મુ.સ.થી બુગ્ઝ રાખી ખુદાથી મુલાકાત કરે તો ખુદા તેને ઉંધા મોઢે જહન્નમમાં ફેંકી દેશે.

(શવાહેદુત્તન્ઝીલ ભા.૨ પેજ. ૨૪૮)

# હદીસ નં. ૧૦

## હઝરત રસુલે ખુદા સ.અ.વ જેવી ઝીંદગી અને તેમના જેવી મૌત

ઈમામ હુસૈન અ.સ. ફરમાવે છે મેં મારા નાના હઝરત રસુલ સ.અ.વ.થી સાંભળ્યું છે કે જે ફરમાવ્યા કરતા હતાઃજે એ વાતને પસંદ કરે છે,તે મારા જેવી ઝીંદગી ગુજારે અને મારા જેવુ તેનુ મૌત હોય અને તે જન્નતમાં દાખલ થાય જેનો ખુદાએ મને વાયદો કર્યો છે,તો તેને જોઈએ કે અલી ઇબ્ને અબી તાલિબ અ.સ. અને તેની પાક ઝુર્રીય્યતથી જોડાય જાય.જે હઝરત અલી અ.સ.ના પછી હિદાયત આપનારા ઈમામો છે, અંધકારમાં ચિરાગ છે કારણકે તેઓ હિદાયતના દરવાજાથી

બહાર કાઢીને ગુમરાહીના દરવાજા તરફ ક્યારેય નહી લઈ જાય.

(હિલ્યતુલ અવલીયા ભા.૧ પેજ ૮૬,
બસાએરૂદદરજાત પેજ.૫૧)

## હદીસ નં. ૧૧

## ખરો ખુશ્બખ્ત અને ખરો બદબખ્ત

ઈમામ સજ્જાદ અ.સ.એ જ.ફાતેમા સુગરા (સ.અ.)થી અને તેમણે જ.ફાતેમા કુબરા (સ.અ.)થી નકલ ફરમાવ્યું છે કે રસુલે ખુદા સ.અ.વ.એ નવ ઝીલહજ(અરફાના દિવસે)ના લોકો પાસે તશરીફ લઈ ગયા અને ફરમાવ્યુંઃઅલ્લાહ તઆલાએ આજના દિવસે તમારા પર ફખ્ર અને ખુશી ફરમાવી છે અને તમો સર્વોને માફ કરી દીધા છે અને અલી અ.સ.ને ખાસ બક્ષીસ છે,હું તમારી તરફ અલ્લાહનો રસુલ છુ,મારી કૌમ તરફ ડરાવનાર તરીકે અને મારા નજીકનાઓ માટે અચ્બ લગાવવાવાળો નથી અને આ જિબ્રઈલ અ.સ. મને ખબર આપે છે કે હકીકત માં ખુશબખ્ત તે છે જે મારી ઝીંદગીમાં અને

મારી વફાત બાદ અલી અ.સ.થી મોહબ્બત રાખે અને હકીકતમાં શકી અને બદબખ્ત તે માણસ છે જે મારી ઝીંદગીમાં અને મારી વફાત બાદ અલી અ.સ.થી દુશ્મની રાખે.

(દલાએલુલ ઈમામત/ મનાકીબે ઈબ્ને શેહરે આશોબ, જી.૩ પેજ.૩)

## હદીસ નં. ૧૨

## હઝરત અલી અ.સ.થી શદીદ મોહબ્બત

અબુ ઉસ્માન હિન્દી કહે છે કે મને સલમાને ફારસી અ.ર.મેં કહ્યું :શું તું ‘رامهرمز’ને ઓળખો છો ?

મેં કીધું હા !,સલમાન અ.ર.મેં કહ્યું:હા હું ત્યાનો રેહવાસી છુ.

મેં કહ્યું :(સલમાન અ.ર.)તમોને અલી અ.સ.થી આટલી શદીદ મોહબ્બત શા માટે છે?

સલમાને કહ્યું:હું કેવી રીતે તેમનાથી મોહબ્બત ન રાખું જયારે કે મેં રસુલે ખુદા સ.અ.વ.થી સાંભળ્યું છે કે લોકો જુદી જુદી નસ્લમાંથી પૈદા થયા છે,હું અને અલી એક જ નસ્લમાંથી પૈદા થયા છીએ.

(મજમઉઝઝવાએદ જી.૭ પેજ ૧૦૦, તારીખુલ ખોલફા પેજ.૬૬)

## હદીસ નં. ૧૩

## હઝરત અલી અ.સ.ની ઈતાઅત અને નાફરમાની

હઝરત અબુઝર અ.ર.રિવાયત કરે છે કે રસુલે ખુદા સ.અ.વ.એ અલી અ.સ. માટે ફરમાવ્યું:જેણે મારી ઈતાઅત કરી તો તેણે અલ્લાહની ઈતાઅત કરી.યા અલી! જેણે તમારી ઈતાઅત કરી તેણે મારી ઈતાઅત કરી.અને જેણે મારી નાફરમાની કરી તો તેણે અલ્લાહની નાફરમાની કરી અને જેણે તમારી નાફરમાની કરી,તેણે મારી નાફરમાની કરી.

(મનાકીબે ઈબ્ને શેહરે આશુબ જી.૩ પેજ,૨૦૩, બેહાર જી.૮ પેજ.૨૬૩)

## હદીસ નં. ૧૪

## જન્નતમાં એહલેબૈત અ.મુ.સ.નો સાથી

અમ્માર ઇબ્ને યાસીર કહે છે કે પયગમ્બર સ.અ.વ મેં ફરમાવ્યું:જે મારી ઉપર ઈમાન લાવે અને અલી ઇબ્ને અબીતાલિબ અ.સ..ની વિલાયત સાથે મને સાચો માને તો તે અમારી સૌની સાથે જન્નતમાં સાથી અને દોસ્ત હશે,

જે અલી અ.સ.થી મોહબ્બત કરે અને તે મારાથી મોહબ્બત રાખે છે અને જે મારાથી મોહબ્બત રાખતો હશે તે અલ્લાહ તઆલા થી મોહબ્બત કરે છે,

અને જેના દિલમાં અલી અ.સ.ની મોહબ્બત છે તે એના જેવું છે કે તેના દિલમાં મારી મોહબ્બત છે અને જેના

દિલમાં મારી મોહબ્બત છે,તે અલ્લાહ તઆલાથી મોહબ્બત રાખે છે

(મફાતીહુલ જન્નાસ પેજ ૬૦, કન્ઝુલ ઉમ્માલ જી.૨ પેજ.૨૦૯)

## હદીસ નં. ૧૫

## અલ્લાહ કોની સાથે રાઝની વાતો કરે છે?

જાબીર કહે છે કે તાએફમાં પયગમ્બર અકરમ (સ.અ.વ)એ અલી અ.સ.થી ઘણીવાર સુધી રાઝની વાતો કરી,તો બે માણસોમાંથી એક માણસે બીજા માણસને કહ્યું,હુઝુર સ.અ.વ.મેં પોતાના કાકાના દીકરા સાથે ઘણી વાર સુધી રાઝની વાતો કરી છે,જયારે આ ખબર રસુલે ખુદા સ.અ.વ સુધી પહોંચી તો ફરમાવ્યુંઃમેં અલી અ.સ.ને રાઝની વાતો નથી કરી,પરંતુ અલ્લાહે રાઝની વાતો કરી છે.

(તીરમીઝી જી.૫ પેજ ૨૩૯,અસદુલ ગાબા જી.૪ પેજ ૨૭)

## હદીસ નં. ૧૬

## હઝરત અલી અ.સ.ના હાથોમાં ફતહ

ઈમરાન ઈબ્ને હસીન કહે છે કે રસુલે ખુદા સ.અ.વ.મેં ફરમાવ્યું:ચોક્કસ કાલે હું પરચમ એ મર્દને આપીશ જે અલ્લાહ અને તેના રસુલથી મોહબ્બત રાખતા હશે અને અલ્લાહ અને તેના રસુલ તેમનાથી મોહબ્બત રાખતા હશે,

(પછી બીજા દિવસે) ફરમાવ્યું :- અલી અ.સ.ને બોલાવો

અલી અ.સ.ને બોલાવવામાં આવ્યા,જે આંખોના દર્દમાં મુબ્તલા હતા,પછી હુઝુર સ.અ.વ.મેં અલી અ.સ.ની આંખો પર લોઆબે દહન લગાડ્યું,અલી અ.સ. તરત શફાયાબ થઈ ગયા,પછી પયગમ્બર

સ.અ.વ.એ અલી અ.સ.ને અલમ આપ્યો,અલ્લાહ તઆલાએ અલી અ.સ.ના હાથોમાં ફતેહ આપી.

(એહકાકુલ હક જી.૫ પેજ ૩૬૭)

## હદીસ નં. ૧૭

## હક્ક અલી અ.સ..ની સાથે

અબુ મુસા અશઅરી કહે છે કે હું ગવાહી આપું છુ કે હક અલી અ.સ.ની સાથે છે પરંતુ દુનિયા તેના ચાહવાવાળાને લઈ ગઈ,હકીકતમાં મેં રસુલે અકરમ સ.અ.વ.થી સાંભળ્યું છે યા અલી તમેં હકની સાથે છો અને મારા પછી હક તમારી સાથે છે,તમારાથી ફક્ત મોમીન જ મોહબ્બત કરશે અને તમારાથી દુશ્મની ફક્ત મુનાફિક જ રાખશે.

(પછી અબુ મુસા અશઅરી કહે છે કે)અમે અલી અ.સ.થી મોહબ્બત રાખીએ છીએ પરંતુ દુનિયા પોતાના એહલ(દુનિયા પરસ્ત)ને ધોકો આપે છે.

(કશ્ફુલ ગુમ્માહ જી.૧ પેજ ૧૪૭,
બેહાર જી.૩૮ પેજ.૩૪)

## હદીસ નં. ૧૮

## ફરિશ્તાઓની સલવાત

અબુ હુરેરાથી રિવાયત છે કે રસુલે ખુદા સ.અ.વ.મેં ફરમાવ્યું:અલ્લાહ તઆલા એ ચોથા આસમાન પર ચાર લાખ ફરિશ્તાઓ પેદા કર્યા છે અને પાંચમાં આસમાન પર ત્રણ લાખ ફરિશ્તાઓ અને છઠ્ઠા આસમાન પર બે લાખ ફરિશ્તાઓ અને સાતમાં આસમાન પર એક ફરિશ્તો પેદા કર્યો છે જેનું સર અર્શની નીચે અને તેના પગ ઝમીનની નીચે છે અને બીજા મલાએકા છે જેના માટે ન ખાવું છે ન પીવું છે સિવાય એ કે તે પયગમ્બર સ.અ.વ.અને અમીરુલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ અ.સ.. ઉપર સલવાત મોકલે છે અને

અલી અ.સ.ના શીઆઓ અને મોહીબ્બો અને ચાહવાવાળા માટે ઈસ્તીગ્ફાર કરે છે.

(મનાકીબ ઈબ્ને શાઝાન ગાયતુલ મરામ પેજ.૫૮૭)

## હદીસ નં. ૧૯
## અલી અ.સ.થી મોહબ્બત નેકી છે અને અલી અ.સ.થી બુગ્ઝ બુરાઈ છે

મઆઝ ઈબ્ને જબલ કહે છે મેં રસુલે ખુદા સ.અ.વ.થી સાંભળ્યું છે કે અલી અ.સ.થી મોહબ્બત એક એવી નેકી છે જેના હોવાના લીધે કોઈ પણ બુરાઈ નુકસાન નથી કરતી અને અલી અ.સ.થી દુશ્મની એક એવી બુરાઈ છે,જેના હોવાને લીધે કોઈ નેકી ફાયદો નહી આપે.

(ફીરદોસુલ અખ્બાર, મવદ્દતુલ કુર્બા પેજ.૬૪)

## હદીસ નં. ૨૦

## હઝરત અલી અ.સ. અલ્લાહના સૌથી વધારે પ્રિય

હસને બસરી કહે છે હું હજ્જાજ પાસે ગયો તો હજ્જાજે કીધું:અય હસન!અબુ તુરાબ અલી ઇબ્ને અબી તાલિબ અ.સ.ના બારામાં તારું શું માનવું છે ?

મેં પૂછ્યું:તેમની કઈ બાબતના બારામાં?

હજ્જાજે કહ્યું:મારો મતલબ એ છે કે શું અલી અ.સ. જન્નતી લોકોમાંથી છે કે જહન્નમીમાંથી છે?

હસને બસરીએ જવાબ આપ્યો:હું હજી સુધી જન્નતમાં નથી ગયો કે જેથી હું જન્નતી લોકોને ઓળખી શકું ન જહન્નમમાં ગયો છુ

કે જહન્નમી લોકોને ઓળખી શકુ, પરંતુ મને ઉમ્મીદ છે કે અલી અ.સ. જન્નતીમાંથી છે કારણકે તમામ લોકોમાં સૌથી પહેલા અલ્લાહ અને તેના રસુલ સ.અ.વ.ઉપર ઈમાન રાખવાવાળા હતા અને ઈમામ હસન અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.ના પિતા અને હઝરત ફાતેમતુઝ્ઝેહરા સ.અ.ના શોહર છે,તેમની રસુલે ખુદા સ.અ.વ.ની સાથે આઝમાંઈશ અને મુસીબતોને સહન કરવી,રસુલે ખુદા સ.અ.વ.ની મદદ કરવી અને અલ્લાહ તઆલા એ એમના બારામાં આયતો નાઝીલ કરેલ તે સ્પષ્ટ છે.

હજ્જાજ કહે છેઃતારા પર અફસોસ છે અલી અ.સ.મેં જંગે જમલ અને સીફ્ફીનમાં મુસલમાનોને કત્લ કર્યા,જયારે કે ખુદા

ફરમાવે છે જે શખ્સ ઈમાન રાખવાવાળાને જાણી જોઇને કત્લ કરે છે તો તેની સઝા જહન્નમ છે,કે જેમાં તે હમેશા રેહશે અને અલ્લાહ તેના પર ગઝબ ઉતારશે અને તેના પોતાની રેહમતથી મેહરુમ કરી દેશે અને તેના માટે તેણે મોટો અઝાબ નક્કી કરી રાખ્યો છે.એટલે કે જે કોઈ મોઅમીનને જાણી જોઈને કત્લ કરી નાખે તો તેની સજા જહન્નમ છે કે જ્યાં તે હમેશા રેહશે.

પયગમ્બર સ.અ.વ.નો ખાદીમ અનસ ઇબ્ને માલિક ત્યાં બેઠેલા હતા પછી તે ગુસ્સાની હાલતમાં ઉભા થયા અને કીધુંઃહજ્જાજ તે મને મજબુર કરી દીધો અને (હઝરત અલી અ.સ. ની વિરુધ્ધ બોલીને) મને ગુસ્સો દેવડાવ્યો છે

પછી અનસે કીધું:હું ગવાહ છુ કે રસુલે ખુદા સ.અ.વ.ની ખિદમતમાં હતો હઝરતે ત્રણ દિવસ કઈ નોહ્તું ખાધું એવામાં જિબ્રઈલ જન્નતથી એક પકાવેલું પક્ષી સફેદ રંગની રોટીમાં રાખીને લાવ્યા જેમાં (તાઝા હોવાને લીધે)ધુમાડો નીકળી રહ્યો હતો,પછી જિબ્રઈલે કીધું:અય મોહમ્મદ સ.અ.વ.!તમારો રબ તમને સલામ કહી રહ્યો છે અને આ તોહ્ફો અલ્લાહ તઆલાની તરફથી આપની ભૂખ મીટાવવા માટે છે માટે ખાવ.

હુઝુર સ.અ.વ.મેં તે ખોરાક તરફ નિગાહ કરી પછી સર બુલંદ કરી ફરમાવ્યું:ખુદાયા મખ્લુકાતમાંથી સૌથી

વધારે તારા મેહબૂબને મોકલ જે (મારી સાથે)જમે.

(અનસ કહે છે):અચાનક અલી અ.સ. આવ્યા અને દરવાઝો ખટખટાવ્યો,હું અલી અ.સ. તરફ ગયો,અલી અ.સ.મેં કહ્યું:મને અંદર આવવા માટે પયગમ્બર સ.અ.વ. થી ઈજાઝત લ્યો.

(અનસ કહે છે):મેં કહ્યું:પયગમ્બર(સ.અ.વ.)કામમાં છે

અલી અ.સ. બીજી વખત આવ્યા જયારે કે રસુલે ખુદા સ.અ.વ દુઆ માંગી રહ્યા હતા અને કહી રહ્યા હતા બારે ઈલાહા!એવા શખ્સને મોકલ જે તને સૌથી વધારે પસન્દીદા હોય,મેં અલી અ.સ.થી કીધું:પયગમ્બર સ.અ.વ. કામમાં છે.

પછી અલી અ.સ. ત્રીજી વખત આવ્યા અને મોટા અવાઝે કહ્યું:હું ત્રણ વખત આવ્યો છુ અને તું ત્રણેય વખત કહો છો કે પયગમ્બર ફ્રિ નથી થયા અને તું મારા માટે પરવાનગી નથી લેતો.હુઝુરે અકરમ સ.અ.વ મેં અલી અ.સ.નો અવાઝ સાંભળ્યો.

હઝરત સ.અ.વ મેં ફરમાવ્યું:અનસ તે કોણ છે?

મેં કીધું:આ અલી અ.સ. છે.

હુઝુર સ.અ.વ.મેં ફરમાવ્યું:અલી અ.સ.ને અંદર લઈ આવો,જયારે અલી અ.સ. અંદર આવ્યા તો પયગમ્બર સ.અ.વ.મેં અલી અ.સ.ની તરફ જોઈને

ફરમાવ્યું આવો (અને આ શબ્દ ત્રણ વક્ત રીપીટ કર્યા).

પછી ફરમાવ્યુંઃઅય અલી અ.સ. તમે ક્યાં હતા જયારે કે મેં ત્રણ વખત ખુદા પાસે દુઆ કરી કે તારા સૌથી વધારે પસન્દીદા અને મહેબુબ મારી પાસે મોકલ જે મારી સાથે જમવામાં શરીક થાય.

અલી અ.સ.મેં કીધુંઃયા રસુલ સ.અ.વ. હું ત્રણ વખત આવ્યો પરંતુ અનસે મને રોક્યો.

હુઝુર સ.અ.વ.મેં ફરમાવ્યુંઃઅય અનસ તે શા માટે અલી અ.સ.ને રોક્યા?

મેં કીધુંઃએ કારણથી નથી રોક્યા કે અલી અ.સ. ની શખ્સીય્યત મારા માટે ઓછી હતી પરંતુ હું ચાહતો હતો કે અન્સારમાંથી કોઈ મર્દ આવે કે જેથી આ

સઆદત અને શરફ કયામત સુધી અમો અન્સારો સાથે રહે.

હુઝૂર સ.અ.વ મેં ફરમાવ્યું:તમે પહેલા શખ્સ નથી જે પોતાની કૌમ તરફ મોહબ્બત કરો છો.

હજ્જાજે અનસને કહ્યું:બેહુદા વાતો બકો છો અને તારી અકલ ખત્મ થઈ ગઈ છે.અગર હું તને મારું તો અગર તારી પહેલાની ખિદમત પણ છે,તો લોકો કેહ્શે કે રસુલે ખુદા સ.અ.વ ના ખાદીમને માર્યો,માટે તું અહિયાંથી ચાલ્યો જા અને કોઈને આ હદીસ નહી કેહતો.

અનસે કહ્યું:ખુદાની કસમ!જ્યાં સુધી જીવતો છુ ત્યાં સુધી આ હદીસને બયાન કરતો રહીશ અને છુપાવીશ નહી,હું ખુદ ગવાહ છુ અને મેં પોતે જોયું પણ છે.

હજ્જાજે કહ્યું:આને મારી મેહફીલમાંથી ભગાડો આ બુઢો છે કે બેહુદા વાતો કરે છે.

(બેહારુલ અન્વાર અહેકાકુલ હક)

## હદીસ નં. ૨૧

## હઝરત અલી અ.સ. માટે ચાર ખાસિયતો

અબુ અમામાં બાહલી કહે છે કે રસુલે ખુદા સ.અ.વ.એ અલી અ.સ.ને ફરમાવ્યું:અય અલી અ.સ.!તમને ખુશખબરી થાય કે મેં તમારા બારામાં મારા રબ પાસે ચાર ચીજોનો સવાલ કર્યો ખુદાએ તમને ત્રણ દીધી અને એક રોકી દીધી.

હુઝૈફા ઈબ્ને યમાંનીએ પૂછ્યું:તે ત્રણ કઈ છે?(જે કબુલ થઈ)અને એક ચીજ(જે રોકી રાખી)કઈ છે?

હુઝુર સ.અ.વ.મેં ફરમાવ્યું:મેં મારા રબથી સવાલ કર્યો કે જન્નતની ચાવી ઉઠાવવા માટે અલી અ.સ..ના વડે મારી

મદદ ફરમાવ.ખુદાએ મને તે ચીજ અતા ફરમાવી.

ફરમાવ્યુંઃમેં ખુદાથી સવાલ કર્યો મારા બાદ અલી અ.સ. મારી ઝીમ્મેદારી પૂરી કરે અને મારો વાયદાને પૂરા કરે ખુદા એ મને આપ્યું,

ફરમાવ્યુંઃમેં સવાલ કર્યો મારા બાદ અલી(અ.સ.)પર મારી આખી ઉમ્મત જમા થઈ જાય,ખુદાએ તેનો ઇન્કાર કરી દીધો અને ખુદાએ ફરમાવ્યુંઃઅય મોહમ્મદ(સ.અ.વ)ઉમ્મતના લોકોના ઝરીએ હું અલી અ.સ.નું ઈમ્તેહાન લઈશ અને અલી અ.સ.ના ઝરીએ હું ઉમ્મતનું ઈમ્તેહાન લઈશ,સાથે એ પણ છે કે અલી અ.સ.ના માટે જે અજ્ર અને સવાબ મેં જમા કરી રાખેલો છે,તેને ઓછો નહી કરું.

(સેર અઅલામુલ નોબલા જી.૧૭ પેજ.૨૪૫)

## હદીસ નં. ૨૨
## સૌથી અફઝલ સિદ્દીક

અબુ લયલા અન્સારી કહે છે કે પયગમ્બર સ.અ.વ.એ ફરમાવ્યું:સિદ્દીક ત્રણ છે.પહેલા સિદ્દીક હબીબે નજ્જાર,મોમીને આલે યાસીન

قَالَ يَا قَوْمِ اتَّبِعُوا الْمُرْسَلِينَ (20)

اتَّبِعُوا مَنْ لَا يَسْأَلُكُمْ أَجْرًا وَهُمْ

مُهْتَدُونَ (21)

કહ્યું એ મારી કોમ તે રસુલોની પયરવી કરો જે તમારાથી કોઈ અજ્ર નથી માંગતા,તેની પયરવી કરો કારણકે તે હિદાયત પામેલા છે.

(સુરે યાસીન આ.૨૦/૨૧)

બીજા સિદ્દીકે હિઝકીલ;મોમીને આલે ફિરઓન

أَتَقْتُلُونَ رَجُلاً أَنْ يَقُولَ رَبِّيَ اللَّه

શું તું એ માણસને કત્લ કરીશ જે કહે છે મારો રબ અલ્લાહ છે.

(સુરે મોમીન આ.૨૮)

ત્રીજા સિદ્દીક હઝરત અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.)છે અને તે તેઓમાં સૌથી અફઝલ છે.

(સુ.ગાફીર આયત.૨૭ )

## હદીસ નં. ૨૩

## મોહિબ્બે અલી અ.સ.નું સ્થાન જન્નત

શરીક ઇબ્ને અબ્દુલ્લાહ નખઈ કાઝી કહે છે અમે અઅમશની બીમારીના સમયે અઅમશની પાસે હતા,જે બીમારીમાં તે મૃત્યુ પામ્યો તો અબુ હનીફા અને અબુ લયલા આવ્યા,અબુ હનીફા તેઓમાં બુઢો હતો,તેણે અઅમશ તરફ ફરીને કહ્યુંઃઅય અબુ મોહમ્મદ!અલ્લાહથી ડર તું આખેરતના પહેલા દિવસે અને દુનિયા ના આખરી દિવસમાં છે અને હકીકતમાં તું અલી અ.સ.ના બારામાં હદીસ બયાન કરતો રહ્યો છો,અગર તું આ કામ છોડી દે તો તારા માટે બેહતર છે.અઅમશે કહ્યુંઃશું મારા જેવા શખ્સ માટે આ વાત કહેવામાં આવી રહી

છે? મને સહારો આપો,મને સહારો આપો,પછી અઅમશ ઉભા થઈને બેઠયા અને કહ્યુઃમને અબુલ મુતવક્કીલ નાજીએ અને તેણે અબુ સઈદ ખુદરીથી નકલ કરીને જણાવ્યુ છે કે રસુલે ખુદા સ.અ.વ.મેં ફરમાવ્યુંઃજયારે કયામતનો દિવસ હશે, અલ્લાહ તઆલા મને અને અલી ઇબ્ને અબીતાલિબ અ.સ.ને કેહ્શેઃજે તમારા બન્નેથી દુશ્મની રાખતો હોય તેને જહન્નમની આગમાં ફેંકી દયો અને જે તમારા બન્નેથી મોહબ્બત કરતા હોય તેને જન્નતમાં દાખલ કરી દયો,આ જ વાતને અલ્લાહ કુરઆને મજીદમાં સુ.કાફ આ.૨૪ માં ફરમાવે છેઃપછી હુકમ થશે કે દરેક કાફિર અને મુતકબ્બીરને જહન્નમમાં નાંખી દયો.)

(સુરે કાફ આ.૨૪)

રાવી કહે છે કે અબુ હનીફા ઉભો થઈ ગયો અને કહેવા લાગ્યો ચાલો આનાથી વધારે મોટી વાત નથી.રાવી કહે છે કે અમે હજી તેના દરવાઝાથી બહાર  નીકળ્યા ન હતા ત્યાં તો અમઅશની વફાત થઈ ગઈ .

(તફસીરે બુરહાન ૪/૨૨૫, બશારતુલ મુસ્તુફા પેજ.૫૯)

## હદીસ નં. ૨૪
## ઈસ્લામમાં સૌથી આગળ

મઅકલ બીને યસાર કહે છે હું પયગમ્બર સ.અ.વ.ને વઝુ માટે મદદ કરી રહ્યો હતો.હુઝુર સ.અ.વ.મેં ફરમાવ્યું:હું ચાહું છુ કે ફાતેમા સ.અ.ની અયાદ્ત કરું,પછી હઝરત ઉભા થયા અને મારો સહારો લીધો અને જયારે પોતાની દીકરીના ઘરે પહોંચ્યા તો ફરમાવ્યું;અય મારી પ્યારી બેટી તમે કેમ છો?

(જનાબે ફાતેમા સ.અ.)એ અર્ઝ કરી મારી બીમારી લાંબી થઈ ગઈ છે,અને મારી ગુરબત વધી ગઈ છે.

રિસાલત મઆબ સ.અ.વ એ ફરમાવ્યું:શું તમે એ વાતથી રાઝી નથી કે

તમારા શોહર ઈસ્લામમાં મારી ઉમ્મતમાં સૌથી વધારે આગળ અને ઈલ્મની દ્રષ્ટીએ સૌથી મોટા હકીમ છે.

(અહેકાકુલ હક ૪/૧૫૦)

# હદીસ નં. ૨૫
# હઝરત અલી અ.સ.ની ઈતાઅત અને નાફરમાની

હુઝૈફા ઈબ્ને યમાન(અ.ર.)થી રિવાયત છે કે નબી અકરમ સ.અ.વ. ફરમાવે છે:અલી અ.સ.ની ઈતાઅત મારી ઈતાઅત છે અને તેમની નાફરમાની મારી નાફરમાની છે.

(ફરાએદુસ્સીમતેન૧/૧૭૯, ગાયતુલ મરામ પેજ ૨૦૬)

## હદીસ નં. ૨૬

## અલી અ.સ.ના ગોશ્ત અને ખૂનમાં અલ્લાહની મોહબ્બત

ઈસહાક ઈબ્ને કઅબ ઈબ્ને ઈજઅરા પોતાના પિતાથી નકલ કરે છે કે હુઝુર સ.અ.વ.મેં ફરમાવ્યું :અલી અ.સ.ને ખરાબ ન કહો કારણકે અલી અ.સ. فَإِنَّهُ مَمْسُوسٌ فِي ذَاتِ اللَّهِ تَعَالَى છે.

કારણકે તેનો એક મતલબ એ છે કે અલ્લાહની ખુશનુદી અને કુરબત માટે તે અઝીય્યત અને તકલીફનો સામનો કરે છે અથવા એ પણ મતલબ છે કે અલ્લાહ તઆલાની મોહબ્બત તેના ખૂન અને ગોશ્તમાં શામિલ થઈ ગઈ છે.

(હિલ્યતુલઅવલીયાઅપેજ.૬૮, બેહાર ૩૯/૩૧૩)

## હદીસ નં. ૨૭

## ફાતેહે ખયબર

સલમા ઈબ્ને અકુઅ કહે છે કે રસુલે ખુદા સ.અ.વ.મેં અબુબકરને અલમ દઈને ખયબરના કિલ્લા તરફ મોકલ્યા,પછી તેણે જંગ કરી અને પાછો આવ્યો,કોશિશ કરી પરંતુ ફતેહ હાસિલ ન થઈ.

બીજા દિવસે ઉમરને મોકલ્યા તેણે પણ જંગ કરી અને પાછો આવ્યો પરંતુ ફતેહ હાસિલ ન થઈ,તો નબી અકરમ સ.અ.વ મેં ફરમાવ્યું:હું કાલે અલમ તે મર્દને આપીશ કે જે અલ્લાહ અને તેના રસુલને દોસ્ત રાખતો હશે અને અલ્લાહ અને તેના રસુલ પણ તેનાથી દોસ્તી રાખતા હશે,અલ્લાહ તઆલા તેના હાથે ફતેહ આપશે,તે આગળ વધીને

હુમલો કરવાવાળા હશે,ફરાર કરવાવાળા નહી હોય.

સલમા કહે છે પયગમ્બર સ.અ.વ.મેં અલી અ.સ.ને બોલાવ્યા,અલી અ.સ.ની આંખમાં તકલીફ હતી,હુઝુર સ.અ.વ.મેં આંખો પર લોઆબે દહન લગાવ્યું,પછી ફરમાવ્યું:આ અલમ લઈ જાવ જેથી અલ્લાહ તઆલા તમારા હાથો પર ફતેહ આપે.

સલમા કહે છે:અલી અ.સ. પરચમ લઈને નીકળ્યા,અલી અ.સ. ઝડપથી જઈ રહ્યા હતા.હું અલી અ.સ.ની પાછળ પાછળ હતો,ત્યાં સુધી કે અલી અ.સ.મેં અલમને કિલ્લાની નીચે પથ્થરોમાં લગાવી દીધો.

કિલ્લાની ઉપરથી યહુદીઓ પોતાનું માથું બહાર કાઢીને કીધુંઃતમે કોણ છો ?

હઝરતે ફરમાવ્યુંઃહું અલી ઈબ્ને અબી તાલિબ અ.સ. છુ.

તો યહુદીઓએ કહ્યુંઃજે કઈ જ.મુસા અ.સ. અને તમારા પર નાઝીલ થયું તેની કસમ તમે જીતી ગયા.

સલમા કહે છેઃઅલી અ.સ.એ સમય સુધી પાછા ન આવ્યા જ્યાં સુધી ખુદા એ તેમના હાથ પર ફતેહ ન આપી.

(અહેકાકુલ હક ૫/૩૪૮)

## હદીસ નં. ૨૮

## હિદાયતનો પરચમ અને ઈમાનનો મીનાર

અનસ ઇબ્ને માલિકનું બયાન છે કે રસુલે ખુદા સ.અ.વ.એ મને અબી બર્ઝા અસલ્મી પાસે મોકલ્યો,પછી પયગમ્બર સ.અ.વ.એ તેમને ફરમાવ્યું:જયારે કે હું સાંભળી રહ્યો હતો,અય અબા બરઝા ખુદાએ અલી અ.સ.ના બારામાં મને એ વસીયત કરી છે કે અલી અ.સ. હિદાયતના પરચમ,ઈમાનનો મીનાર,અલ્લાહના વલીઓના ઈમામ અને ખુદાની ઇતાઅત કરવાવાળા તમામ લોકોના નુર છે.

અય અબા બરઝા કાલે કયામતમાં અલી અ.સ. મારા હૌઝ પર મારી સાથે હશે મારો અલમ ઉઠાવવાવાળા હશે અને

**કાલે કયામતના દિવસે મારા રબની જન્નતના ખઝાનાની ચાવીઓ ઉઠાવવામાં મારી મદદ કરનાર હશે.**

(હિલ્યતુલઅવલીયાઅ૧/૬૬,તારીખે બગદાદ૧૪/૯૭)

## હદીસ નં. ૨૯

## મેઅરાજમાં ફઝાએલે અલી અ.સ..

અબ્દુલ્લાહ ઇબ્ને અસઅદ ઇબ્ને ઝોરારાએ તેના પિતાથી નકલ કર્યું છે કે સય્યદુલ મુરસલીન સ.અ.વ.એ ફરમાવ્યુંઃજે રાત્રે ખુદાએ મને મેઅરાજ કરાવી,મેં ખુદા સાથે વાત કરી,ખુદા એ મને અલી અ.સ.ના બારામાં ફરમાવ્યુંઃચોક્કસ અલી અ.સ. તમામ મુસલમાનોના સય્યદ અને સરદાર છે,મુત્તકીઓના વલી છે,નુરાની ચેહરાવાળાના ઈમામ છે.

(મનાકીબ ઇબ્ને મુગાઝલી પેજ ૧૦૫,
રીયાઝુન્નઝરહ ૨/૧૭૭)

# હદીસ નં. ૩૦

## અલી અ.સ.નો દામન પકડી રાખજો

અલ્કમાં ઇબ્ને કૈસ અને અસ્વદ ઇબ્ને યઝીદ બંને કહે છે કે  અમે અબુ અય્યુબ અન્સારી પાસે આવ્યા અને કહ્યું કે અય અબુ અય્યુબ ખુદાએ તમને આ ઇઝઝત અતા કરી કે ખુદાએ પયગમ્બર સ.અ.વ.ની સવારીને હુકમ દીધો કે તે તમારા દરવાઝા પર બેઠે અને હુઝુર સ.અ.વ. તમારા મેહમાન બન્યા.આ અલ્લાહ તરફથી ફઝીલત છે જેનાથી ખુદાએ તમને નવાઝ્યા છે.પછી આપ અલી અ.સ.ની મવદ્દત કે જે આપના દિલમાં છે,તેની અમોને ખબર આપો.

અબુ અય્યુબ અન્સારીએ કહ્યું:હું તમો બંને સામે એની કસમ ખાઉં છુ જેના સિવાય કોઈ માઅબુદ નથી કે રસુલે ખુદા સ.અ.વ. મારી સાથે આ રૂમમાં હતા જ્યાં

અત્યારે તમે છો રૂમમાં હુઝુર સ.અ.વ. હતા અને અલી અ.સ. હુઝુર સ.અ.વ.ની જમણી બાજુએ બેઠેલા હતા અને હું ડાબી બાજુએ બેઠેલો હતો અને અનસ ઈબ્ને માલિક સામે ઉભો હતો કે અચાનક દરવાઝામાં હરકત થઈ,હઝરત સ.અ.વ.મેં ફરમાવ્યું:અનસ જોવો દરવાઝા પર કોણ છે?

અનસે બહાર નીકળી જોયું અને અર્ઝ કરી:યા રસુલલુલ્લાહ સ.અ.વ.આ અમ્માર છે.

ફરમાવ્યું :પાક અને પાકીઝા અમ્માર માટે દરવાજો ખોલો.

તેણે દરવાઝો ખોલ્યો અમ્માર દાખિલ થયા,પયગમ્બર સ.અ.વ.ને સલામ કરી,પયગમ્બર સ.અ.વ. તેમને આવકાર આપ્યો,પછી ફરમાવ્યું ,:અય અમ્માર!મારા

પછી નજદીકમાં જ મારી ઉમ્મતમાં સખ્તીઓ અને ઘણા મોટા બનાવો બનશે, ત્યાં સુધી કે તલવારો ચાલશે,ત્યાં સુધી કે એકબીજાને કત્લ કરશે અને એકબીજાથી નફરત કરશે,જયારે તમે એ હાલતને જોવો તો મારી જમણી તરફ બેઠેલાનો દામન પકડી રાખજો એટલે કે અલી ઇબ્ને અબી તાલિબ અ.સ.

અગર બધા લોકો એક વાદીમાં ચાલે અને અલી અ.સ. બીજી વાદીમાં ચાલે તો તમે તે જ વાદીમાં ચાલજો જેમાં અલી અ.સ. હોય,અને બાકી તમામ લોકોને છોડી દેજો.

અય અમ્માર!અલી અ.સ. તમને હિદાયતથી દુર નહી થવા દેશે અને હલાક્ત નો રસ્તો નહી દેખાડે.

અય અમ્માર!અલી અ.સ.ની ઈતાઅત મારી ઈતાઅત છે અને મારી ઈતાઅત અલ્લાહની ઈતાઅત છે.

(મનાકીબે મુર્તઝવિય્યાહ પેજ.૨૦૨, યનાબિઉલ મવદદાહ ૨૫૦)

## હદીસ નં. ૩૧

## જિબ્રઈલની ઝબાનથી મૌલા અલી અ.સ.ના ફઝાએલ

સલ્બાન કહે છે કે મેં અલી અ.સ. ને જોયા કે તે પયગમ્બર સ.અ.વ.ની તરફ આવી રહ્યા છે,જિબ્રઈલ હુઝુર સ.અ.વ.ની જમણી બાજુ ઉભેલા હતા,જિબ્રઈલે કહ્યું:યા મોહમ્મદ સ.અ.વ!આ જે અલી અ.સ. આરામથી ચાલીને આવી રહ્યા છે,તે ‘હિદાયતના ઈમામ‘,નેક લોકોના સરપરસ્ત, ફાજીરો (દુશ્મનો/ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનાર)ને કત્લ કરવાવાળા,અલ્લાહની તૌહીદ અને અદ્લ સાથે કલામ કરવાવાળા અને ખુદાના ઝુલ્મ વ ઝૌરની મનાઈ કરવાવાળા છે.

અય મોહમ્મદ સ.અ.વ.!અલી અ.સ.ના આમાલ લખવાવાળા ફરિશ્તાઓ બીજા ફરિશ્તાઓ પર ફખ્ર કરે છે કારણકે ક્યારેય અલી અ.સ.નું જુઠ નથી લખ્યું

રિસાલત મઆબ અલી અ.સ.ની તરફ આગળ વધ્યા અને જિબ્રઈલની વાતચીતની અલી અ.સ.ને ખબર આપી.

અલી અ.સ.એ ફરમાવ્યુંઃઅગર ખુદા મને અઝાબ દેવા ચાહે તો હું તેનો બંદો છુ અગર રહેમ કરવા ચાહે આ તેના તરફથી મારા પર ફઝલ છે.

નબી અકરમ સ.અ.વ.મેં ફરમાવ્યુંઃજિબ્રઈલે મને કહ્યુંઃઆપણા રબ રહેમાને કસમ ખાધી છે અને પોતાના પર વાજિબ જાણ્યું છે કે તે અલી અ.સ. અને

તેના શિઆઓ અને તેના મોહિબ્બોને ક્યારેય આગમાં નહી નાખે.‘‘

અબુ રબીઆ કહે છેઃ- આલા રબ્બોના એટલે કસમ અને તેણે વાજિબ કર્યું.

## હદીસ નં. ૩૨

## દુશ્મને અલી અ.સ.નો અંજામ

મોઆવીયા ઈબ્ને હયદા કહે છે પયગમ્બર સ.અ.વ.એ અલી અ.સ.ને ફરમાવ્યું:યા અલી અ.સ. મને તે શખ્સની કોઈ પરવા નથી જે મારી ઉમ્મતમાંથી તમારાથી દુશ્મની રાખે તે યહુદી બનીને મરશે અથવા નસરાની થઈને મરશે.

મોહમ્મદ ઈબ્ને હારીસ કહે છે કે:યઝીદ ઈબ્ને ઝરીઅએ કહ્યું મેં બહઝાદ ઈબ્ને હકીમને પૂછ્યું:તને ખુદાની કસમ આપીને પુછુ છુ શું તારા બાપે તારા દાદાની તરફથી આ હદીસ પયગમ્બર સ.અ.વ.થી નકલ કરી છે?

તેણે કહ્યું:અગર આ હદીસે પયગમ્બર સ.અ.વ.થી ન હોય તો ખુદા મારા દાદાના કાનોમાં આગના સળીયા દાખલ કરે.

(મીઝાનુલ એઅતદાલ પેજ.૨૩૬, લેસાનુલ મીઝાન ૨/૯૦)

## હદીસ નં. ૩૩

## અલી અ.સ.નો દામન ન છોડતા કારણકે.....

અબુ લયલા ગફ્ફારી નકલ કરે છે કે મેં રસુલે ખુદા સ.અ.વ.થી સાંભળ્યું છે કે આપે ફરમાવતા હતા નજ્દીકમાં જ મારી ઉમ્મતમાં એક ફીત્નો ઉભો થશે જયારે એવી હાલતમાં હો તો અલી અ.સ.નો દામન ન છોડતા કારણકે કયામતમાં સૌથી પહેલા મને જોવાવાળા અને મારાથી મુસાફેહો કરવાવાળા અલી અ.સ. હશે.

અલી અ.સ. સિદ્દીકે અકબર છે,આ ઉમ્મતના ફારુક છે,જે હક અને બાતીલ વચ્ચે જુદાઈ કરનાર છે,અલી અ.સ. મોઅમીનોના સરદાર અને બાદશાહ

છે,અને માલ અને દૌલત મુનાફીકોના બાદશાહ છે.

(મનાકીબે ઈબ્ને શેહરે આશુબ ૩/૯૧,અજહુલ મતાલીબ પેજ.૨૩)

## હદીસ નં. ૩૪

## હઝરત અલી અ.સ. પયગમ્બરોના સરદાર

અબુલ હમરાહ કહે છે પયગમ્બર સ.અ.વ.મેં ફરમાવ્યુંઃજયારે મને આસમાનોની સફર કરાવવામાં આવી તો મેં અર્શના સુતુન પર લખેલું જોયું અલ્લાહના સિવાય કોઈ મઅબુદ નથી મોહમ્મદ સ.અ.વ. અલ્લાહના રસુલ છે,મેં અલી અ.સ.ના થકી પયગમ્બરનું સમર્થન કર્યું અને અલી અ.સ.ના ઝરીએ પયગમ્બર ની મદદ કરી.

(મનાકીબ ઈબ્ને મુગાઝલી પેજ ૩૯,અહેકાકુલ હક ૬/૧૩૯)

## હદીસ નં. ૩૫

## દિલોમાં અલી અ.સ.ની મોહબ્બત

બરાઅ ઈબ્ને આઝીબનું બયાન છે કે પયગમ્બર સ.અ.વ.એ અલી અ.સ.ને ફરમાવ્યું:અય અલી!કહો!અય અલ્લાહ!મારા માટે અહદ કરાર આપે અને મોઅમીનોના દિલોમાં મારી મોહબ્બત કરાર દે.

રાવી કહે છે:ખુદા એ તેજ સમયે આ આયત નાઝીલ ફરમાવી

إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمَٰنُ وُدًّا (96)

(સુરે મરિયમ આ.૯૬)

એટલે કે તે લોકો કે જે ઈમાન લાવ્યા અને નેક કાર્યો કર્યા નજદીકમાં જ ખુદા તેની મોહબ્બત તેના દિલોમાં કરાર આપશે.

(અમદ્તુલ બયાન પેજ.૧૫૧,તફસીરે ફરાત કુફી પેજ ૮૮)

# હદીસ નં.૩૬

## રસુલે ખુદા સ.અ.વ.થી મોહબ્બત અને અલી અ.સ.થી બુગ્ઝ રાખનારનો અંજામ

સલસાલ તેના પિતાથી નકલ કરે છેઃજયારે હું સહાબીઓના સમૂહ સાથે રસુલે ખુદા સ.અ.વ.ની ખિદમતમાં હતો,તો અલી (અ.સ.)અંદર આવ્યા,પછી રસુલે ખુદા સ.અ.વ.મેં ફરમાવ્યુંઃએ શખ્સ જુઠો છે જે એવુ ગુમાન કરે કે મને ચાહે છે જ્યારે કે યા અલી તમને નફરત કરતો હોય,આગાહ થઈ જાવ જે તમને મોહબ્બત કરે છે તો ચોક્કસ તે મને મોહબ્બત કરે છે અને જે તમારા પ્રત્યે દુશ્મની રાખે છે તો તે મારાથી દુશ્મની રાખે છે,અને જે મારાથી દુશ્મની કરે છે તો અલ્લાહ તેનાથી દુશ્મની રાખે છે અને અલ્લાહ જેને દુશ્મન રાખે છે તેને દોઝખમાં દાખલ કરશે.

## હદીસ નં. ૩૭

## રસુલે ખુદા સ.અ.વ.ને કોણ અઝીય્યત આપનાર?

ઉમર ઇબ્ને શાશ રિવાયત કરે છે કે રસુલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું:-તુ મને અઝીય્યત આપે છે.

મેં કહ્યું :-અય અલ્લાહ ના રસુલ સ.અ.વ. શું હું તમારાથી મોહબ્બત કરું છુ કે તમને અઝીય્યત આપું છુ?,રસુલે ખુદા સ.અ વ.એ કહ્યું:જેણે અલી અ.સ.ને અઝીય્યત આપી તેણે મને અઝીય્યત આપી.

## હદીસ નં. ૩૮

## હઝરત અલી અ.સ. નબીઓના દોસ્ત

સોહેલ ઈબ્ને ખચ્સમહ તેના પિતાથી નકલ કરે છે કે નબી અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું:જયારે કયામતનો દિવસ હશે તો અર્શની જમણી બાજુએ મારા માટે સફેદ મોતીઓથી બનેલો ગુંબજ લગાવામાં આવશે,અર્શની ડાબી બાજુ લાલ યાકુતથી બનેલો ગુંબજ હઝરત ઈબ્રાહીમ અ.સ. માટે લગાવામાં આવશે.અને તે બન્નેની વચ્ચે લીલા મોતીઓવાળો ગુંબજ અલી અ.સ. માટે લગાવવામાં આવશે.પછી તારો તે દોસ્તના બારામાં શું ખ્યાલ છે,જે બે દોસ્તોની વચ્ચે છે.

(આમાલી એ તુસી ૨/૧૦૬,રીયાઝૂન્નઝરાહ ૨/૨૧૧)

# હદીસ નં. ૩૯

## હઝરત રસુલે ખુદા સ.અ.વ.ના દુનિયા અને આખેરતના ભાઈ

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર કહે છે કે રસુલે ખુદા સ.અ.વ.મેં સહાબીઓમાં ભાઈચારો કાયમ કર્યો,અલી અ.સ. આવ્યા અને તેમની આંખોમાંથી આંસુ જારી હતા અને અર્ઝ કરીઃયા રસુલલ્લાહ આપે આપનાં સહાબીઓ વચ્ચે ભાઈચારો કાયમ કર્યો અથવા આ રીતે અર્ઝ કર્યું કે આપે મારા સાથીઓ વચ્ચે ભાઈચારો કાયમ કર્યો પરંતુ આપે મને કોઈનો ભાઈ ન બનાવ્યો?

હુઝુર સ.અ.વ.એ ફરમાવ્યુંઃતમે દુનિયા અને આખેરતમાં મારા ભાઈ છો.

(તીરમીઝી ૫/૬૩૬,તરાએફ ૧/૬૪)

# હદીસ નં. ૪૦

# હઝરત અલી અ.સ.થી કુરઆન જુદા નહી થાય

અબુસાબિત અબૂઝરનો ગુલામ કહે છે મેં ઉમ્મે સલમાથી સાંભળ્યું, જે કહી રહ્યા હતા:અલી અ.સ. કુરઆનની સાથે છે અને કુરઆન અલી અ.સ.ની સાથે છે,તેઓ એકબીજાથી જુદા નહી થાય ત્યાં સુધી કે મારી પાસે હવઝ પર વારીદ થાય.

(મનાકીબે ખ્વારઝમી પેજ ૧૧૦,કશફૂલ ગુમ્માહ ૧/૧૪૮)

## મનાકીબે અલી અ.સ. ના બારામાં દિલચશ્પ કિસ્સાઓ

### કિસ્સા નં. ૧

### હઝરત અલી અ.સ.નો તેમના દુશ્મનના યતીમો સાથે વર્તાવ

અબ્દુલ વાહીદ ઇબ્ને ઝય્દ કહે છે કે હું હજ માટે ગયો તો  હું તવાફમાં હતો તો બે છોકરીઓને જોઈ કે જે રુકને યમાની પાસે ઉભી હતી,એક તેની બહેનને કહી રહી હતીઃ'તેના હકની કસમ જે પયગમ્બર સ.અ.વ.ની વસીયત માટે પસંદ થયેલા છે.યોગ્ય ફેસલો કરનાર અને ફેસલામાં અદાલત કરનાર છે,જેની બુનિયાદ ઉચ્ચ છે,જેની નિય્યત સહીહ છે,ફાતેમા મરઝીયાના પતિ છે, ....

અબ્દુલ વાહીદ કહે છેઃ’હું સાંભળી રહ્યો હતો,મેં પૂછ્યુંઃઅય દીકરી!આ સીફતો કોની છે?

કહેવા લાગીઃખુદાની કસમ! તે તમામ નીશાનીઓનું નિશાન છે,એહ્લકામનો દરવાઝો છે,જન્નત અને જહ્ન્મની વેહચણી કરનાર છે,કુફ્ફાર અને ફૂજ્જારને કતલ કરનાર છે,ઉમ્મતના પાલનહાર છે,અઈમ્માહના સરદાર છે,તે અમીરુલ મોઅમેનીન,ઈમામુલ મુસ્લેમીન,ગાલીબ શેર,અબુલ હસન અલી ઇબ્ને અબી તાલિબ અ.સ. છે.

મેં પછ્યુંઃ’તમે અલી અ.સ.ને ક્યાં કારણથી ઓળખો છો?

તેમણે કહ્યું:હું તેમને કેવી રીતે ન ઓળખુ જયારે કે મારો બાપ તેમની સામે જંગે સીફ્ફીનમાં કત્લ થયો.

એક દિવસ હઝરત અલી અ.સ. મારી માતા પાસે આવ્યા અને કહ્યું:અય યતીમોની માતા તમારો શું હાલ છે?

મારી માતાએ કહ્યું:ખૈરિયતથી છુ.અય અમીરુલ મોઅમેનીન અ.સ.

પછી મારી માતા મને અને મારી બહેનને હઝરત અલી અ.સ.ની સામે લાવી,મને શીતળાની બીમારી હતી જેના કારણે ખુદાની કસમ મારી દ્રષ્ટી ચાલી ગઈ હતી,જયારે હઝરતે મારી તરફ જોયું તો એક આહ ભરી પછી આ અશઆર કહ્યા:

مَا إِنْ تَأَوَّهْتُ مِنْ شَيْءٍ رُزِيتُ بِهِ
كَمَا تَأَوَّهْتُ لِلْأَطْفَالِ فِي الصِّغَرِ

قَدْ مَاتَ وَالِدُهُمْ مَنْ كَانَ يَكْفُلُهُمْ
فِي النَّائِبَاتِ وَفِي الْأَسْفَارِ وَ الْحَضَرِ

જેનો મતલબઃ-

મેં ક્યારેય કોઈ મુસીબત પર ક્યારેય આ રીતે આહ નથી ભરી જયારે કે આ નાના બચ્ચાઓ માટે આહ ભરી છે,જેની પરવરીશ કરવાવાળો બાપ મરી ગયો છે,જે તેની હર મુસીબતમાં સફર અને વતનમાં તેની દેખભાળ કરતો હતો.

પછી હઝરતે મારા ચેહરા પર હાથ ફેરવ્યો તરત જ મારી દ્રષ્ટી પાછી આવી ગઈ.

અય મારા ભાઈના દીકરા!હવે અંધારી રાતમાં દોડવાવાળા ઊંટને જોઈ શકું છુ.આ બધું અમીરુલ મોઅમેનીન અ.સ.ની બરકતથી થયું છે.

(ન ફક્ત મારી દ્રષ્ટીઓ મને પાછી આપી)પરંતુ ત્યાર પછી હઝરતે બય્તુલ માલમાંથી થોડોક માલ આપ્યો અને અમારા દિલોને ખુશ કર્યા અને ચાલ્યા ગયા.

અબ્દુલ વાહીદ કહે છે કે મેં જયારે સાંભળ્યું તો મારા ખર્ચમાંથી એક દીનાર લઈને તેને આપ્યો અને કહ્યું કે એ બચ્ચી આ લે!જયારે મુશ્કેલ વક્ત હોય તો તેનાથી મદદ લેજે.

તે બચ્ચીએ કહ્યું એ મર્દ ખુદા અમારાથી દુર થઈ જાવ.અમારી ઉપર અગાઉના બેહતરીન વ્યક્તિએ બેહતરીન શખ્સને પોતાના જાનશીન બનાવ્યા છે,ખુદાની કસમ!અમે આજ અબુ મોહમ્મદ હસન ઈબ્ને અલી અ.સ.ની અયાલમાં છીએ.

પછી તે બચ્ચી પરત ફરી અને આ શેઅર પઢવા લાગી

مَا نِيطَ حُبُّ عَلِيٍّ فِي خُنَاقِ فَتًى     إِلَّا لَهُ شَهِدَتْ بِالنِّعْمَةِ النِّعَمُ

وَلَا لَهُ قَدَمٌ زَلَّ الزَّمَانُ بِهِ     إِلَّا لَهُ أُثْبِتَتْ مِنْ بَعْدِهَا قَدَمٌ

مَا سَرَّنِي أَنْ أَكُنْ مِنْ غَيْرِ شِيعَتِهِ     لَوْ أَنَّ لِي مَا حَوَتْهُ الْعَرَبُ وَالْعَجَمُ

તરજુમો :-

કોઈ જવાન મર્દના ગળામાં અલી અ.સ.ની મોહબ્બતનો ફંદો નથી નાખવામાં આવ્યો, સિવાય એ કે તમામ નેઅમતો તેની ગવાહી આપે છે અને તેનો ઝમાનાએ એક કદમ નથી લપસાવ્યો પરંતુ એ કે તેનો બીજો કદમ સાબિત કદમ રહ્યો અગર અરબ અને અજમની તમામ નેઅમત અને દૌલત મારી પાસે હોય અને હું અલી અ.સ.ની શીઆ ન હોવ તો એ તમામ દૌલત મને ખુશ નહી કરી શકે.

(બશારતુલ મુસ્તુફા પેજ ૭૬,સાકીબુલ મનાકીબ પેજ ૧૭૦)

## કિસ્સો નં. ૨
## સ્વપનમાં ઔરતની આંખની રોશની પલટાવનાર શખ્સ કોણ હતા?

અઅમશ કહે છે કે મક્કા હજ પર ગયો હતો. હું એક મંઝીલ પર ઉતર્યો તો અચાનક મારું ધ્યાન એક અંધ ઔરત પર પડ્યું  અને બોલતી હતી કે:અય તે ઝાત!જેણે અલી અ.સ.ના માટે સુરજ ગાયબ થવા પછી સફેદ અને સાફ હાલતમાં પલટાવ્યો.મારી રોશનીને પલટાવી દે

અઅમશ કહે છે:તે ઔરતની વાત મને પસંદ આવી,મેં બે દીનાર કાઢ્યા અને તે ઔરતને આપ્યા તેણે તેના હાથોથી સ્પર્શ કર્યું અને પછી મારી તરફ ફેંકી દીધા અને કેહવા લાગી:અય મર્દ ખુદા! તે મને ગરીબ

અને ફકીર અને હકીર ગણી,અફસોસ છે તારા પર,જે આલે મોહમ્મદ સ.અ.વ.ની વિલાયત રાખતા હોય તે હકીર નથી હોતા.

અઅમશ કહે છે:હું હજ પર ચાલ્યો ગયો,હજ અદા કરીને જયારે હું મારા ઘરની તરફ પાછો ફરી રહ્યો હતો,તો મને સૌથી વધારે ફિક્ર તે ઔરતની થઈ રહી હતી,જયારે હું તે જગ્યા એ પહોંચ્યો તો જોયુ કે તે ઔરતની બન્ને આંખો સારી થઈ ચુકી હતી અને તે જોઈ રહી છે,તો મેં તેને પૂછ્યું:અલી અ.સ.ની મોહબ્બતે તારી સાથે કેવુ વર્તન કર્યું?

કેહવા લાગી:અય મર્દખુદા!હું છ રાતોથી ખુદાને કસમ આપતી રહી(દુઆ માંગતી રહી) જયારે સાતમી રાત આવી જે

જુમ્આની રાત હતી તો સ્વપનમાં મારી પાસે એક શખ્સ આવ્યા અને કહ્યું:અય ખાતુન!તું અલી અ.સ.થી મોહબ્બત રાખો છો?

મેં કહ્યું :હા

તેણે મને કહ્યું:તમારો હાથ તમારી આંખો પર રાખો,(જયારે મેં મારો હાથ મારી આંખો પર રાખ્યો તો તેણે આ દુઆ કરી),કહ્યું:અય અલ્લાહ!અગર ઔરત સાચા દિલથી અલી અ.સ.થી મોહબ્બત રાખતી હોય તો તેની આંખોની રોશની પલટાવી દે.

પછી તેને મને કહ્યું:તમારો હાથ આંખો પરથી હટાવો

મેં મારો હાથ હટાવ્યો તો સ્વપનની હાલતમાં હું તે મર્દ સામે ઉભી હતી,મેં પૂછ્યું તમે કોણ

છો?કે જેના કારણે ખુદા એ મારા પર અઝીમ એહસાન ફરમાવ્યો.

તેમણે જવાબમાં કહ્યું:હું ખીઝર છુ અને અને મને કહેવામાં આવ્યું:અલી અ.સ.થી મોહબ્બત કરો કારણકે અલી અ.સ. થી મોહબ્બત દુનિયામાં આફતથી બચાવે છે અને આખેરતમાં આગથી.

(મદીનતુલ મઆજીઝ ૧૦૫,તફસીરે ફૂરાત પેજ.૯૯)

## કિસ્સો નં. ૩
## ઈમામ હસન અ.સ.નો મોઆવિયા પર આકરો પ્રહાર

હબીબ ઇબ્ને અબી સાબિતનું બયાન છે કે જયારે મોઆવિયાની બયઅત થઈ તો તેણે ખુત્બો આપ્યો,તેણે અલી અ.સ. અને હસન અ.સ.નાં બારામાં અયોગ્ય શબ્દો બયાન કર્યા ઈમામ હુસૈન ઉભા થયા જેથી મોઆવિયાને રોકે,ઈમામ હસન અ.સ.મેં હાથ પકડીને તેમને બેસાડી દીધા,પછી ઈમામ હસન અ.સ. ખુદ પોતે ઉભા થયા અને કહ્યું:અય અલી અ.સ.નો ઝીક્ર કરવા વાળા હું હસન છુ અને મારા પિતા અલી અ.સ. છે.

તુ મોઆવિયા છો અને તારો બાપ સખર છે .

મારી માતા હઝરત ફાતેમા સ.અ.છે અને તારી માઁ હિન્દા છે.

મારા નાના રસુલ સ.અ.વ. છે અને તારા નાના હર્બ છે,

મારી નાની ખદીજા સ.અ. અને તારી નાની કતીલાહછે.

તો ખુદા લઅનત કરે તેના પર જેનો ઝીક્ર છુપાયેલો છે,જેનો હસબ વ નસબ ઠપકાને લાયક હોય,જે પહેલાના ઝમાનાથી જ ખરાબ શખ્સ હોય,જે પહેલાથી જ કુફ્ર અને નીફાકમાં હોય,એટલે કે પહેલાની સ્થિતિ કુફ્ર પર હોય,અને મુનાફેક્ત પર હોય,

મસ્જીદમાં બેઠવાવાળામાંથી કોઈક ગ્રુપે ઈમામ હસન અ.સ. ની આ બદદુઆ પર આમીન કહ્યું.

ઇબ્ને મોઅયન કહે છે કેઃહું કહું છુ આમીન

ઇબ્ને અબ્દુસસમદે કહ્યુંઃહું આમીન કહું છુ

કાઝી એ અમને કહ્યુંઃહું કહું છુ આમીન,તમે પણ આમીન કહો.

મોહમ્મદ ઇબ્ને અબ્દુલ્લાહ અલ હાફીઝે કહ્યુંઃહું કહુ છુ આમીન

સય્યદ અને હૈરી કહે છેઃઅમે કહીએ છીએ આમીન આમીન આમીન

શેખુલ મુફીદ અબ્દુર રહમાને કહ્યુંઃહું કહું છુ આમીન આમીન આમીન

ફરિશ્તા કહે છેઃઆમીન

સય્યદુલ સફા કહે છે આમીન અલ્લાહુમમ્મ આમીન

ઈબ્ને બાબવેયાહ કહે છે:હું કહું છુ આમીન સુમ્મ આમીન  સુમ્મ આમીન વ અનાં અકુલો આમીન સુમ્મ આમીન (તે બધા રાવીઓ એ આમીન કહ્યું)

(મકાતીલુત્તાલેબીન પેજ.૪૬, ઈર્શાદુલ કોલુબ પેજ.૨૧૧)

# કિસ્સો નં. ૪

## કડવુ મધ

અલી ઈબ્ને મોહમ્મદ કહે છે મેં અબુ અસ્વદ દોએલીની પુત્રીને જોઈ જેની આગળ સફેદ ખજુર અને ઘીનો હલવો રાખેલો હતો,બાળકી એ કહ્યું:બાબા મને ખવરાવો

તેણે (અબુ અસ્વદ દોએલીએ) કહ્યું:મોઢું ખોલ અને તેના મોઢામાં એક બદામના બરાબર હલવા નો એક લુક્મો નાંખ્યો

પછી ફરીવાર બાળકીએ કહ્યું:બાબા તમારે પણ ખુજર ખાવી જોવે,કારણકે તે વધારે ફાયદાકારક અને તૃપ્તી કરાવે છે.

અબુ અસ્વદ દોએલીએ કહ્યું:’આ ખોરાક મોઆવિયાએ અલી અ.સ.ની મોહુબ્બત હટાવવા અને ધોખો દેવરાવવા મોકલ્યા છે.

તે બાળકી કેહવા લાગી:ખુદા તેનુ ખરાબ કરે,શું તે ઝાફરાનમાં ભેળવેલા મધ વડે સય્યદે મુતહર્ર(હઝરત અલી અ.સ.)ના બારામાં ધોખો દેવા ચાહે છે,બરબાદી થાય તેને મોકલવાવાળા પર અને ખાવાવાળા પર,પછી તે બાળકી એ પોતાના ગળામાં આંગળી નાખી અને જે ખાધું હતું તેને ઉલટી કરી કાઢી નાખ્યું અને રોતા રોતા આ શેઅર કેહવા લાગી:-

أَبِالشَّهْدِ الْمُزَعْفَرِ يَا ابْنَ هِنْدٍ     نَبِيعُ إِلَيْكَ إِسْلَاماً وَ دِيناً

فَلَا وَ اللّٰهِ لَيْسَ يَكُونُ هَذَا     وَ مَوْلَانَا أَمِيرُ الْمُؤْمِنِينَا

તરજુમો :-અય હિન્દની ઔલાદ શું ઝાફરાનવાળા મધના ઝરીએ તારી પાસે દીને ઈસ્લામ વહેંચી નાખીએ?,ખુદાની કસમ એવું નહી થાય અમારા મૌલા અમીરુલ મોઅમેનીન અ.સ. છે.

(સફીનતુલ બેહાર ૧/૬૬૯)

## કિસ્સો નં.૫
## મૈદાને ગદીરમાં કોની ઉપર અઝાબ નાઝીલ થયો?

રૂહી ઈબ્ને હમાદુલ મુખારેકી કહે છે,મેં સુફિયાન ઈબ્ને અયનયાને પૂછ્યું:’મને જણાવો કે આયત સઅલ સાએલુન કોના માટે નાઝીલ થઈ છે?(સુરે મઆરિજ આ.૧)

સુફિયાને કહ્યું:તે મારાથી એવી વાત પૂછી છે જે તારાથી પહેલા કોઈએ નથી પૂછી,મેં આ આયતના બારામાં ઈમામ જાફરે સાદિક અ.સ.ને પૂછ્યું તો ઈમામે મને ફરમાવ્યું:કે તે એવી વાત પૂછી છે જે પહેલા કોઈએ નથી પૂછી અને ફરમાવ્યું મારા પિતાએ પોતાના જદથી નકલ કરતા

બતાવ્યું છે કે જયારે પયગંબર સ.અ.વ. હજ્જતુલ વિદાઅની પછી ગદીરે ખુમ પર ઉતર્યા,લોકોને આવાઝ આપી,લોકો ભેગા થયા,પછી ફરમાવ્યું:લોકો!શું મેં તમારા સુધી રીસાલતને નથી પહોંચાડી ?

દરેકે કહ્યું :યકીનન પહોંચાડી છે

પછી ફરમાવ્યું:શું મેં તમોને નસીહત નથી કરી?

દરેકે કહયુ:યકીનન કરી છે

પછી હઝરતે હઝરત અલી અ.સ.નું બાઝુ(બાવડું)પકડયુ અને એટલા ઊંચા કર્યા કે બન્ને બાઝુની સફેદી જાહેર થવા લાગી.

પછી ફરમાવ્યું:જેનો હું મૌલા છુ તેના આ અલી મૌલા છે. ખુદાયા એની સાથે મોહબ્બત રાખ જે અલી અ.સ.થી

મોહબ્બત કરે અને તેનાથી દુશ્મની રાખ જે અલી અ.સ.થી દુશ્મની રાખે.

હઝરત ઈમામ જઅફરે સાદિક અ.સ.મેં ફરમાવ્યુંઃઆ ખબર ફેલાણી પછી જયારે હારીસ બિન નોઅમાન ફેહરી સુધી પહોંચી તો તે પોતાની ઉંટણી પર સવાર થઈને વાદીમા પહોંચ્યો, પોતાની ઉટણીને બેસાડી અને ઉતરીને તેને બાંધી દીધી ,હુઝુર અકરમ સ.અ.વ.ની ખિદમતમાં પહોંચ્યો,હઝરત પોતાના સહાબીઓ વચ્ચે બેઠા હતા.

તે (હારીસ)કેહવા લાગ્યોઃઅય રસુલે ખુદા સ.અ.વ. ખુદાની કસમ!જેના સિવાય કોઈ માઅબુદ નથી આપે અમોને લા એલાહા ઈલ્લલ્લાહની ગવાહી દેવરાવી.અમો

એ ગવાહી આપી,પછી હુકમ આપ્યો કે ગવાહી આપો કે હું અલ્લાહનો રસુલ છુ અમોએ ગવાહી આપી,પછી પાંચ નમાઝોનો હુકમ આપ્યો અમોએ પઢી,પછી માહે રમઝાનમાં રોઝાનો હુકમ આપ્યો અમોએ રોઝા રાખ્યા,પછી અમોને ઝકાતનો હુકમ આપ્યો અમો એ અદા કરી,પછી હજનો હુકમ આપ્યો અમોએ હજ અદા કરી,તો તમે આમાં પણ રાઝી ન થયા કે તમારા ચાચાનાં દીકરા ભાઈને અમારા પર હાકીમ બનાવી દીધા અને તમોએ કહ્યું:મન કુન્તો મૌલા હો ફ હાઝા અલીયુંન મૌલા શું આ તમારા તરફથી છે કે અલ્લાહના તરફથી?

હઝરતે ફરમાવ્યું:અલ્લાહના તરફથી છે.

રાવી કહે છે કે

હારીસ બિન નોઅમાન ગુસ્સાની હાલતમાં ઉભો થયો અને આ રીતે કહેતો કહેતો ચાલવા લાગ્યો કેજે કઈ મોહમ્મદ સ.અ.વ.મેં કહ્યું અગર તે સાચું છે તો મારા પર તરતજ અઝાબ નાઝીલ કર.

પછી વાદીની તરફ આવ્યો,પોતાની ઊંટણીની દોરીને ખોલી અને તેના પર સવાર થયો,જયારે વાદીના દરમ્યાન પહોંચ્યો તો ખુદાએ આસમાનમાંથી એક પત્થર નાઝીલ કર્યો જે તેના માથાની વચ્ચે લાગ્યો અને તેની પાયખાનાની જગ્યાએથી નીકળી ગયો,અને તે જહન્નમ વાસીલ થયો.

પછી અલ્લાહ તઆલાએ તે સમયે આ આયત નાઝીલ કરી સઅલ સાએલુન ...એટલે કે સવાલ કરવા વાળા એ સવાલ

કર્યો એવા અઝાબનો કે જે કાફીરો પર પડવાવાળો છે,જેને કોઈ રોકી શકતું નથી.

અબુ ઈસહાક સોઅબાની એહલે હદીસના ઈમામે પોતાની તફસીરમાં આ વાકેઓ નકલ કર્યો છે.

(તફસીરે સોઅલબી ૪/૨૩૪,અલ-ગદીર ૧/૨૩૦)

## કિસ્સો નં. ૬
## હઝરત અલી અ.સ.ના ફઝાએલ સાંભળી મોઆવિયાનુ રડવું

અબુ સાલેહ રાવી છે કે ઝેરાર ઇબ્ને ઝુમરા કીનાની મોઆવિયા પાસે આવ્યો.મોઆવિયા એ ઝેરારને કહ્યું:’અલી અ.સ.ની સીફતો બયાન કર.

ઝેરારે કહ્યું:મને માફ કર.

મોઆવીયા એ કહ્યું:તને માફ નહી કરું

ઝેરારે કહ્યું:એની સિવાય બીજો કોઈ રસ્તો ન હોય તો સાંભળ અલી અ.સ. મોટી અઝમતના માલિક છે,ખુબ જ તાકાતવર છે,વાત અટલ કરે છે,ફેંસલો અદાલતથી કરતા હતા. તેના મોં માંથી ઈલ્મનો ફુંવારો નીકળતો હતો,અલીના

બાઝુઓમાંથી હિકમત બોલતી હતી,અથવા અલી અ.સ.ના દાઢમાંથી હિકમત બોલતી હતી.તે દુનિયા અને દુન્યવી રંગોથી ડરતા હતા.રાત અને રાતના અંધારામા ઈબાદત કરવાનું પસંદ કરતા હતા. ખુદાની કસમ!અલી અ.સ. ઘણા રડવાવાળા,લાંબો વિચાર કરવાવાળા,(ઈસ્લામની હાલત પર અફસોસ કરતા હતા,(બીજાના કહેવા પહેલા)પોતાના નફસથી વાત કરતા હતા.હઝરતને સસ્તો પોશાક અને કડક ખોરાક પસંદ હતો, ખુદાની કસમ!અમારી સાથે એ જ રીતે હતા જેવી રીતે કે તે અમારામાંથી એક હોય,જયારે અમે હઝરતની ખિદમતમાં આવતા તો હઝરત અમોને તેમની નઝદીક બેસાડતા.જયારે અમો સવાલ કરતા તો

જવાબ આપતા.હઝરત તો અમારા સાથે લુત્ફ અને મોહબ્બત રાખવા છતાં હઝરતનો રોઅબ અને દબદબાના કારણે અમેં બોલી શકતા ન હતા.જયારે સ્મિત કરતા તો એવુ લાગતુ કે જાણે કે એક દોરીમાં સળંગ મોતી પરોવેલા હોય.દીનદાર લોકોને માન આપતા,ગરીબોથી મોહબ્બત રાખતા.તાકતવર હઝરતથી બાતિલની લાલચ ન રાખતો.કમઝોર ઇન્સાન હઝરતનાં અદલથી માયુસ ન થતો .

હું ખુદાને ગવાહ રાખીને કહું છુ.મેં હઝરતને અમુક જગ્યાએ જોયા,જયારે રાત પોતાના કાળો પરદો ઢાકી દેતી અને સિતારાઓની ચમક ઓછી થઈ જતી જયારે કે હઝરત ઈબાદતના મેહરાબમાં ઉભા

હતા.પોતાનાં વાળ મુબારકને પકડીને એવી રીતે તડપતા હતા જે રીતે બીમાર દર્દમાં તડપે છે.શિદ્દતે ગમની હાલતમાં રડી રહ્યા હતા.જાણે કે હું અત્યારે હઝરતની આવાઝ સાંભળી રહ્યો હોવ અને હઝરત બોલી રહ્યા હતા રબ્બના,રબ્બના(અય અમારા પાલનહાર),નમ્રતાની હાલતમાં કહી રહ્યા હતા રબ્બના,રબ્બના.

પછી દુનિયાને મુખાતિબ થઈ ને ફરમાવતાઃશું તું મારા દર પર રહેવા ચાહે છે?તું મારી આરઝુ રાખો છો,? મારાથી દુર થઈ જા,દુર થઈ જા,મારા સિવાયને ધોખો આપજે,તારો સમય ન આવે કે અલી તને ચાહવા લાગે,મેં તને ત્રણ તલાક આપી,તારી ઉમ્ર ટુકી,તારી એશ પસ્ત,તારો મરતબો

ઓછો,અફસોસ સાથે ઓછો છે,સફર ઘણી લાંબી છે અને રસ્તો ખોફનાક છે.

રાવી કહે છેઃમોઆવિયાના આંસુ તેની દાઢી પરથી પડી રહ્યા હતા,આંસુ રોકવા પર તાકાત ન હતી,પોતાના આંસુ પોતાની સ્લીવ (શર્ટ ની બાય) વડે સાફ કરી રહ્યો હતો.તમામ લોકો રડી રહ્યા હતા.

મોઆવિયા એ કહ્યુંઃખુદાની કસમ!અબુલ હસન એવા જ હતા.

પછી કહેવા લાગ્યોઃઅય ઝેરાર અલી અ.સ.ના બાદ તને કેવો સદમો (ગમ) છે.

ઝેરારા એ કહ્યુંઃમારો ગમ એ માઁ જેવો છે,જેનો એક જ દીકરો હોય અને તેના ખોળામાં ઝબહ કરી નાખવામાં આવે,જેના આંસુ ક્યારેય સુકાતા નથી,જેના ગમને

ક્યારેય સુકુન નથી મળતું,પછી ઝેરાર ઉભા થઈને ચાલ્યા ગયા.

(આમાલીએ સુદુક પેજ.૪૯૯,હિલ્યતુલ અવિલીયા પેજ.૮૪૧)

## કિસ્સો નં. ૭
## જન્નત અને જહન્નમના
## તકસીમ કરનાર કોણ?

મોહમ્મદ ઈબ્ને મન્સુર તુસી કહે છે અમે શેખ એહમદ ઈબ્ને હમ્બલની પાસે બેઠા હતા,તો એક માણસે અહમદ ઈબ્ને હમ્બલને પૂછ્યું:અય અબુ અબ્દીલ્લાહ!તમારો આ હદીસના બારામાં શું ખ્યાલ છે જે રિવાયત કરવામાં આવે છે અલી અ.સ.મેં કહ્યું:હું જન્નત અને દોઝખને તકસીમ(વહેચવાવાળો) કરનાર છુ.

એહમદ ઈબ્ને હમ્બલે કહ્યું:-અમે તેનો ઈનકાર નથી કરતા શું અમે પયગમ્બરથી આ હદીસ નકલ નથી કરતા કે પયગમ્બરે અલી અ.સ. થી ફરમાવ્યું:તમારાથી ફક્ત

મોઅમીન જ મોહબ્બત કરશે,અને ફક્ત મુનાફિક જ તમારાથી દુશ્મની રાખશે.

અમોએ કહ્યું:હા!આ હદીસ તો છે.

એહમદ ઇબ્ને હમ્બલે પૂછ્યું:(રોઝે કયામત) મોઅમીન ક્યાં હશે?

સાઇલે (સવાલ કરનાર)કહ્યું:જન્નતમાં.

એહમદ ઇબ્ને હમ્બલે પૂછ્યું:મુનાફિક ક્યાં હશે?.

કહ્યું:જહન્નમમાં.

તો એહમદ ઇબ્ને હમ્બલે કહ્યું:તો પછી અલી અ.સ. જન્નત અને જહન્નમની વેહ્ચણી કરવાવાળા છે.

(તબકાતુલ હનાબેલા ૧/૩૨૦)

## કિસ્સો નં. ૮

## કોની માટે સૌથી વધારે ફઝાએલ બયાન થયા?

મોહમ્મદ ઇબ્ને મન્સુર કહે છેઃમે શેખ ઇબ્ને હમ્બલથી સાંભળ્યું છે કે તે હમેશા કહેતા હતા કે કોઈના એટલા ફઝાએલ નકલ નથી થયા જેટલા અલી અ.સ.ના ફઝાએલ નકલ થયા.

(બેહાર ૪૦/૧૨૪, મનાકીબે ખ્વારઝમી પેજ.૩)

## કિસ્સો નં. ૯

## અલી અ.સ.નું નામ લેવુ

## કઈ રીતે ઈમ્તેહાન?

જાહીઝ કહે છે મે નિઝામને કહેતા સાંભળ્યો કે તે કહેતો હતોઃઅલી અ.સ. બોલવાવાળા માટે ઈમ્તેહાન છે અગર અલી અ.સ.નો ફઝાએલનો હક પૂરો કરવામાં આવે તો ઈન્સાન ગાલી બને છે,અગર તેના હકમાં કમી કરે તો ગુનેહગાર અને કમી કરનાર ગણાશે અને વચલી મંઝીલ એકદમ બારીક વઝન અને દુશ્વાર છે,જેના માટે ઝબાનની તેઝી જોવે,આ મુશ્કિલ મંઝીલનો ઝીક્ર કરવા માટે અને તેની ચોટી સર કરવા માટે સૌથી મોટો બુદ્ધિશાળી,માહિર અકલમંદની જરૂરત છે.

(મુસ્લેસલાત પેજ.૧૧૩,આમાલી એ તુસી ૨/૨૦૧)

## કિસ્સો નં. ૧૦
## મોઆવિયાને તેનાજ દરબારમાં શરમિંદગી

ક્તાદાહ કહે છે કે અરવા બીન્તે હારીસ ઇબ્ને અબ્દુલ મુત્તલીબ જે સમયે તે વૃદ્ધાવસ્થાએ પહોંચી ગઈ હતી,મદીનામાં મોઆવિયાની પાસે આવી.મોઆવિયાએ તેણી તરફ જોઈને કહ્યું: અય માસી આવો!મારા પછી તમને કેમ છે?

તે કહેવા લાગી:અય ભત્રીજા તને કેમ છે?તે તો નેઅમતનો ઈન્કાર કર્યો અને ચાચાના દીકરાની સાથે ખરાબ વર્તન કર્યું.

જે નામ તારું ન હતુ તે નામ તે પોતાનુ કરી લીધું.જે તારો હક ન હતો તે લઈ

લીધો સિવાયએ કે કઈ પણ મુશ્કેલીઓ સહન કર્યા વગર.

ન તો તારા બાપ-દાદાઓએ આપણા દીનમાં કોઈ તકલીફ ઉપાડી,

પયગંબર સ.અ.વ.ની સાથે તારો કોઈ સીધો સંબંધ નથી, પરંતુ જે કઈ પયગંબર સ.અ.વ. લાવ્યા તેનો તે ઈન્કાર કર્યો.

ખુદા તારા અજ્દાદને હલાક કરે તે ગુરુર અને ઘમંડના લીધે તારું મોઢું ત્રાસુ કરી નાખ્યું ત્યાં સુધી કે ખુદાએ હકને એહલે હક તરફ પલટાવી દીધો.

તો અમારી વાત સાચી થઈ,જેણે અમારા રસુલથી દુશ્મની કરી,તેના મુકાબલામાં ખુદાએ પયગંબરની મદદ કરી.

તે પછી અમારી સાથે હસદ (ઈર્ષા) કરી અને અમારી ખિલાફ દુશ્મની કરી,કુરૈશ અમારા પર આવી પડ્યા.

પરંતુ!અલહમ્દોલીલ્લાહ અમે મોહમ્મદ સ.અ.વ.ની એહલેબૈત છીએ,તમારી વચ્ચે ઇસ્લામના નબી (સ.અ.વ)ની પછી અમારો મરતબો એવો જ છે જેવો મુસા અ.સ. માટે હારુન અ.સ.નો હતો.

અમારું પરિણામ જન્નત છે અને તમારું દોઝખ છે.

જયારે વાત અહિયાં સુધી પહોંચી તો અમ્ર ઇબ્ને આસે કહ્યું :અય ગુમરાહ વૃદ્ધ ઔરત ઉભી રહે ચુપ થઈ જા,જયારે કે તુ અકકલ ખોઈ બેસેલી છો અને તારી ગવાહી માન્ય નથી.

તે ઔરતે કહ્યું :અય બદકાર સ્ત્રી(ઝીનાખોર)ના દીકરા,તુ પણ બોલો છો,જયારે કે તારી માઁ બદકારીમાં મક્કામાં સૌથી મશહુર ઔરત હતી,જેની કિમત સૌથી ઓછી હતી,તારી માટે કુરૈશ ના પાંચ મર્દો એ દાવો કર્યો છે કે આ અમારો દીકરો છે. જયારે કે તારી માને પૂછવામાં આવ્યું તો તેણીએ કીધુ કે આ દરેક લોકો મારી પાસે આવ્યા હતા અને ઝીના કર્યા હતા.હવે જોવ કે તારી શકલ અને સુરત કોની સાથે મળે છે તેનો દીકરો તને સમજુ,હા તારી શકલ સૌથી વધારે આસ ઇબ્ને વાઇલથી મળતી હતી,જે કુરૈશના જાનવરોને ઝબ્હ કરતો હતો (એટલે કે કસાઈ હતો).

મરવાન ઇબ્ને હકમે કહ્યું:બંધ થા!એ

વૃદ્ધા!જે કામ માટે આવી છો તેની વાત કર.

તો અરવા એ કીધુંઃઅય નીલી (વાદળી)આંખોવાળી ઔરત ના દીકરા,તુ પણ વચમાં બોલે છે,ખુદાની કસમ તુ હકમ ઇબ્ને અબીલ આસ કરતા હારીસ ઇબ્ને ક્લ્લાહના ગુલામના વાળથી પણ વધારે સરખાપણું તારામાં છે.મે સીધા વાળવાળો હકમને જોયો છે.તે લાંબા કદનો હતો,તમારા બન્ને વચ્ચે કોઈ નજદીકીપણું કે કોઈ રિશ્તેદારી નથી સિવાય એ કે જેવી રીતે નાના પેટ વાળા ઘોડાની નજદીકી તે ગધેડી સાથે હોય છે જેના માબાપ માથી એક અરબી હોય અને બીજો ગયરે અરબી,જે કઈ વાત મેં તને કરી તે તું જઇને તારી માને કહે,તે બધી વાત કરશે.

પછી મોઆવિયા તરફ રુખ કરીને કીધું:આ બન્નેને તે મારી સામે બોલવાની હિંમત તે આપી છે,અને તારી માઁ એ અમારા કાકા હઝરત હમ્ઝા અ.ર.ના કત્લ માટે આ શેઅર કહ્યા હતા :-

نَحْنُ جَزَيْنَا كُمْ بِيَوْمِ بَدْرٍ وَالْحَرْبُ بَعْدَ الْحَرْبِ ذَاتُ سِعْرٍ

مَا كَانَ عَنْ عُتْبَةَ لِي مِنْ صَبْرٍ وَلَا [1] أَخِي وَعَمُّهُ وَبَكْر

سَكَّنَ وَحْشِيٌّ غَلِيلَ صَدْرِى فَشُكْرُ وَحْشِيٍّ عَلَىَّ دَهْرِى

حَتَّى تَرِمَّ أَعْظُمِى فِى قَبْرِى

તરજુમો:-

અમે તમને બદ્રના દિવસનો બદલો દિધો,કારણકે એક જંગ પછી બીજી જંગ શરુ થતી,

હું અત્બા અને મારા ભાઈ અને તેના કાકા અને બક્રની વગર સબ્ર નોહતી કરી શકતી

અય જંગલી મારા દિલને કીનાથી સુકુન દે,હવે જંગલીનો શુક્રિયા મારા પર હમેશા વાજિબ છે,

જ્યાંસુધી મારા હાડકાઓ કબ્રમાં સડી ન જાય.

તો મારી કાકાની દીકરીએ તારી માઁ ની વાતોનો જવાબ આ શેઅર થકી આપ્યો:’

خَزِيتِ فِي بَدْرٍ وَ غَيْرِ بَدْرٍ    يَا ابْنَةَ وَقَّاعٍ عَظِيمَ الْكُفْرِ

صَبَّحَكِ اللّٰهُ غَدَاةَ النَّحْرِ    بِالْهَاشِمِيِّينَ الطِّوَالِ الزُّهْرِ

حَمْزَةُ لَيْثِي وَ عَلِيٌّ صَقْرِي    وَ نَذْرُكِ الشَّرُّ فَشَرُّ نَذْرٍ

هَتَكَ وَحْشِيٌّ ضَمِيرَ صَدْرِي    هَتَكَ وَحْشِيٌّ حِجَابَ سِتْرِي

مَا لِلْبَغَايَا بَعْدَهَا مِنْ فَخْرٍ

તરજુમોઃ-

તુ બદ્રમા,બદ્ર સિવાયની જંગમાં શરમિંદા થઈ,અય ગીબત કરવાવાળા અને કુફ્ર પર લડનારની દીકરી,

ખુદાએ તારી સવાર નહેરના દિવસે,સવાર હાશ્મીઓ સાથે કરી,

જે લાંબા કદવાળા ખુબસુરત હતા,હમ્ઝા મારા શેર છે અને અલી અ.સ. મારા બાઝુ અને તારી નઝર એક ખરાબ માનતા હતી,તારા જંગલીએ મારા દિલના ઝમીરમાં તૌહીન કરી,અને જંગલીની તૌહીન મારા હિજાબના પરદા સુધી છે, અને બદકાર લોકો માટે એના પછી કોઈ ફખ્ર નથી.

મોઆવિયા અમ્ર ઇબ્ને આસ અને મરવાન ઇબ્ને હકમ તરફ રુખ કરી અને કહ્યું:તમે બન્નેના લીધે આ ઔરત મારા પર ગુસ્સે થઈ.

પછી કહેવા લાગ્યો:અય માસી!તમારી હાજતને પેશ કરો અને જૂની વાતો ભૂલી જાવ.

તેણી કહેવા લાગી:શું તું મને બે હજાર દીનાર,બે હજાર દીનાર,બે હજાર દીનાર આપીશ?

મોઆવિયાએ કીધું:-બે હજાર દીનારનું શું કરીશ?

કીધું:હું પાણીવાળી નર્મ ઝમીન ખરીદીશ,જે અલ હારીસ ઈબ્ને અબ્દુલ મુત્તલીબના ગરીબ લોકો માટે હશે

મોઅવિયાએ પૂછ્યુંઃબીજા બે હજાર દીનારનું શું કરીશ?

કેહવા લાગી : હારીસ ઈબ્ને અબ્દુલ મુત્તલીબની ઔલાદની તેના સમાનતા ધરાવનાર સાથે શાદી કરાવીશ.

મોઅવિયાએ પૂછ્યુંઃત્રીજા બે હજાર દીનારનું શું કરીશ?

કીધું ઃકે તેનાથી પોતાના કપરા સમય માટે મદદ મેળવીશ અને હજ કરીશ.

મોઆવિયાએ કીધું,આ બધું હુ તને આપું છુ,પરંતુ ખુદાની કસમ!અગર અલી અ.સ.(તારા કાકા ના દીકરા)અગર જીવિત હોતે તો તને એટલું ન આપત.

તેણીએ કીધુંઃતે સાચું કીધું,અલી અ.સ. મેં અલ્લાહ માટે અમાનતની હિફાઝત કરી છે,પરંતુ તે અમાનતને

વેડફી નાખી છે,અને તેમાં ખયાનત કરી છે

પછી ફરીવાર કહેવા લાગી:અલી અ.સ.ની વાત મુક,ખુદા તારા મોઢાને તોડે,અને તારી મુસીબતમાં વધારો કરે .

પછી તેની રોવાની અવાઝ બલંદ થઈ,અને તે અબુલ અસ્વદ દોઆલીના આ અશઆર પઢવા લાગી,

(અમુકે કીધું કે આ અશઆર ખુદ અરવાના હતા)

أَلَا يَا عَيْنُ وَيْحَكِ أَسْعِدِينَا ... أَلَا فَابْكِ أَمِيرَ الْمُؤْمِنِينَا

رُزِينَا خَيْرَ مَنْ رَكِبَ الْمَطَايَا ... وَجَرَّبَهَا، وَمَنْ رَكِبَ السَّفِينَا

وَمَنْ لَبِسَ النِّعَالَ، وَمَنْ حَذَاهَا ... وَمَنْ قَرَأَ الْمَثَانِيَ وَالْمُبِينَا

إِذَا اسْتَقْبَلْتَ وَجْهَ أَبِي حُسَيْنٍ ... رَأَيْتَ الْبَدْرَ رَأَى النَّاظِرِينَا

أَلَا أَبْلِغْ مُعَاوِيَةَ بْنَ حَرْبٍ ... فَلَا قَرَّتْ عُيُونُ الشَّامِتِينَا

أَفِي الشَّهْرِ الْحَرَامِ فَجَعْتُمُونَا ... بِخَيْرِ النَّاسِ طُرّاً أَجْمَعِينَا

فَلَا وَاللّٰهِ لَا أَنْسَىٰ عَلِيّاً　　وَحُسْنَ صَلَاتِهِ فِي الرَّاكِعِينَا

لَقَدْ عَلِمَتْ قُرَيْشٌ حَيْثُ كَانَتْ　　بِأَنَّكَ خَيْرُهُمْ حَسَباً وَدِينَا

તરજુમો:-

અય આંખ તારા પર વાય થાય, મારી મદદ કર અને અમીરુલ મોઅમેનીન અ.સ. પર ગીર્યા કર,

અમે તેની મુસીબતમાં મુબ્તેલા થયા, જે તમામ લોકોમાં બેહતરીન સવારીઓ પર સવાર થયા,

અને જે કશ્તીયો ઉપર સવાર થયા, જેણે જૂતા પહેર્યા અને પગરખા પેહર્યા અને જેણે હમ્દ પડી,

અને યાસીન પડી, જ્યારે હું હસનૈન અ.સ.ના પિતાની સામે આવી, તો મેં જાહેરી રીતે પુનમના ચાંદને જોયો,

ખબરદાર હર્બના દીકરા,મોઆવિયાને જણાવી દયો કે જે અમોને બુરું ભલુ કહે તે ક્યારેય ખુશ નથી રહી શકતો,

શું એહ્તરામવાળા મહિનામાં તમે અમને પરેશાનીમાં નાખ્યા,એ શખ્સની મુસીબત જે તમામ લોકોથી અફઝલ છે,પયગંબર સ.અ.વ.ના પછી,તેના પર મારી જાન કુરબાન થાય,

અમે અબુલ હસન! જે તમામ નેકુકારમાં સૌથી અફઝલ છે,કે મૌતની ખબર મળી અલી અ.સ.ના જવા પછી,લોકો જાનવરો છે કે જેઓ ગુમરાહીની હાલતમાં શહેરમાં ફરી રહ્યા હતા.

ખુદાની કસમ!હું અલી અ.સ.ને નહી ભૂલું,અને અલી અ.સ.ની નમાઝની સુંદરતાને નહી ભૂલી શકુ,કુરૈશ જ્યા પણ હોય તે જાણતા હતા,કે હસબ અને નસબના લેહાઝથી અને દીનના લેહાઝથી તે બધાથી અફઝલ હતા.

રાવી કહે છે કે મોઆવિયા રોવા લાગ્યો અને કેહવા લાગ્યોઃજે રીતે અય માસી તમે કીધું!ખુદાની કસમ અલી અ.સ. એવાજ હતા અને પછી અરવા એ જે કઈ માંગ્યું હતું તેને આપી દીધું.

(બલાગાતુન નીસાઅ પેજ.૨૭, બેહાર ૪૨/૧૧૮)

# કિસ્સો નં. ૧૧
# હોશિયાર સિપાહી

જંગે ઓહદમાં અબુસુફિયાનની પત્ની અને મોઆવીયાની માઁ હિન્દાએ પોતાના એક જંગલી ગુલામને કહ્યુંઃ અગર તું મોહમ્મદ સ.અ.વ., અલી અ.સ., અથવા હમ્ઝા અ.સ. આ ત્રણમાંથી કોઈ એકનું પણ કત્લ કરી નાખ તો તું જે કંઈ માંગે તે તને ઇનામમમાં મળશે.

જંગલી ગુલામેં કહ્યુંઃ જ્યાં સુધી મોહમ્મદ સ.અ.વ.નો સવાલ છે તો હું તેમને કત્લ નહીં કરી શકું કારણકે દરેક પળે સહાબીઓ તેમની આજુબાજુમાં હોય છે અને તેમનું રક્ષાણ કરતા હોય છે. જ્યાં સુધી હઝરત અલી અ.સ.નો સવાલ છે તો

હું તેમને પણ કત્લ નહી કરી શકું કારણકે તે અત્યંત હોશિયાર છે. સખત જંગના સમયે પણ ચારેય તરફ તેમની નજર દોડતી રહે છે અને તેઓ પોતાના દુશ્મનને એક પણ મૌકો આપતા નથી આથી તેમને પણ હું કત્લ નહી કરી શકું. અલબત્ત જનાબે હમ્ઝાને કત્લ કરવું શક્ય છે. કારણકે જે સમયે તેઓ ગુસ્સામાં હુમલો કરે છે ત્યારે તેઓ તેમની આજુબાજુ કઈ જોતા નથી. આથી તેમને આસાનીથી કત્લ કરી શકાય છે.

તે સમયે જયારે જનાબે હમ્ઝા અ.સ. ઉપર તે જંગલી ગુલામે એક ઝાડની પાછળ છુપાઈને દગાથી હુમલો કર્યો અને તેમના માથા પર તલવાર મારી તો તેઓ બચી ગયા.પરંતુ તેણે એજ મૌકો ઝડપીને જનાબે

હમ્ઝા અ.સ.ની છાતી ઉપર એક નેઝાથી હુમલો કરીને તેમને શહીદ કરી દીધા.

(બેહારુલ અન્વાર,ભાગ-૨,પેજ નં.૫૫, અલ ઈરશાદ,શૈખે મુફીદ અ.ર.,પેજ નં.૭૬)

## કિસ્સો નં. ૧૨

## આ માણસ કદી ગરીબ નહી થાય

ઈબ્રાહીમ ઈબ્ને મહવાન કહે છે કુફામાં એક મશહુર માણસ અમારો દોસ્ત હતો,જેની કુન્નીયત અબુ જઅફર હતી,તે દિનદાર હતો,જે કોઈ સય્યદ એમની પાસે આવતો અને જે કઈ માંગતો તો તેને આપી દેતો અને અગર સય્યદ પાસે રકમ થઈ જાય (એટલે કે પરત કરવા આવે)તો લઈ લેતો,નહિતર પોતાના ગુલામને કેહતો કે લખો આ ચીજ અલી અ.સ. મેં લીધી છે.થોડોક સમય તેની આ રીત ચાલતી રહી ત્યાં સુધી કે તે ગરીબ થઈ ગયો અને પોતાના ઘરે બેસી ગયો.પોતાની ખાતા બુકમાં ચેક કરતો જે લેણદાર હોય અને તે કર્ઝદાર જીવતો હોય તો કોઈને મોકલીને

પેસા વસુલ કરતો અને અગર કર્ઝદાર મૃત્યુ પામ્યો હોય તો તેના નામ પર ચોકડી મારી દેતો.

એક વખત તે પોતાના ઘરના દરવાઝા પાસે બેઠેલો હતો, અને ખાતા બુક ચેક કરતો હતો ત્યાંથી એક નાસેબી(દુશ્મને એહલેબૈત)પસાર થયો,તો તે મઝાક ઉડાવતા બોલ્યો તારા સૌથી વધારે કર્ઝદાર (એટલે કે અલી અ.સ..)મે તારી સાથે શું કર્યુ?

આ સાંભળી તે એકદમ ગમઝદા થઈ ગયો.જયારે રાત પડી તો સ્વપનમાં હુઝુર અકરમ સ.અ.વ.ને જોયા,ઈમામ હસન અને ઈમામ હુસૈન અ.સ. તેમની સામે ચાલી રહ્યા છે,હુઝુર સ.અ.વ મેં બન્ને (ઈમામ

હસન અને હુસૈન અ.મુ.સ)ને પૂછ્યુઃતમારા પિતા ક્યાં છે?

અમીરુલ મોઅમેનીન અલી અ.સ.મેં જવાબ આપ્યોઃયા રસુલુલ્લાહ હું હાજર છુ.

રસુલે અકરમ સ.અ.વ.મેં ફરમાવ્યુંઃ-એવું શું કારણ છે કે તમે આ શખ્સનો હક નથી આપતા?

અર્ઝ કરીઃઅય અલ્લાહ ના રસુલ સ.અ.વ.તેનો દુનિયામા જે હક છે તે હું લાવ્યો છુ.

હુઝુર સ.અ.વ.મે ફરમાવ્યુંઃતેને દઈ દયો

મૌલાએ મને એક ઉનનો થેલો આપ્યો અને ફરમાવ્યું :આ તમારો હક છે

પયગમ્બર સ.અ.વ.મે ફરમાવ્યુઃઆને લઈ લ્યો અને અલી અ.સ.ની જે ઔલાદ

આવે અને જે ચીજ માંગે તો તેને ખાલી હાથ પાછો ન ફેરવતો,જા આજ પછી તુ ગરીબ નહી રહે,હુ જાગ્યો તો થેલો મારા હાથમાં હતો.

પછી મે મારી પત્નીને અવાઝ આપી કે શુ તું જાગો છો કે ઊંઘમાં છો,તેણીએ કહ્યું હું જાગું છુ.

મેં કીધુંઃરોશની કર,તેણીએ રોશની કરી,મે તેને થેલો આપ્યો અને તેણીએ જોયુ કે તેમા હજાર દીનાર હતા.મારી પત્ની કેહવા લાગીઃઅય ખુદાના બંદા!અલ્લાહથી ડર,શું એવુ નથી કે ગરીબીના કારણકે કોઈ વેપારીને ધોખો દઈને આ માલ લઈ આવ્યો

મેં કીધું ઃખુદાની કસમ!એવું નથી વાત આમ છે(પૂરો વાકેઓ સંભળાવ્યો),તેણીએ

કર્ઝ વાળી કિતાબ(ખાતા બુક)મંગાવી અને જોયુ તો તેમા જમા કે ઉધાર જે કઈ અલી અ.સ.ના નામ પર લખેલુ હતુ તે લખાણ તેમા ન હતુ.

(ફઝાએલ ઇબ્ને શાઝાન પેજ.૯૫,રવ્ઝુલ ફઝાએલ પેજ.૧૧૯)

## કિસ્સો નં. ૧૩

## કોણ છે કે જે અલ્લાહને ખરાબ કહે?

સઈદ ઇબ્ને જુબેર કહે છે ઇબ્ને અબ્બાસ કુરૈશ ના સમૂહ પાસેથી પસાર થયા,ઇબ્ને અબ્બાસ તે સમયે નાબીના(અંધ) હતા,તેના દીકરાએ તેનો હાથ પકડેલો હતો,ઇબ્ને અબ્બાસે કુરૈશના લોકોનો અવાઝ સાંભળ્યો તો ઉભા રહી ગયા અને સલામ કરી,તે લોકો પણ ચુપ થયા અને સલામનો જવાબ આપ્યો.પછી ઇબ્ને અબ્બાસ ચાલવા લાગ્યા.

દીકરાએ પૂછ્યું :જે કઈ તે લોકો એ કીધું તમે સાંભળ્યું?

તેઓએ કહ્યું:નહી,તેઓએ શું કીધું?

દીકરાએ કહ્યું કુરૈશે અલી અ.સ.ના બારામાં ગાળો,અપશબ્દ અને ખરાબ કીધું.

ઇબ્ને અબ્બાસે કીધું મને તેમની પાસે પરત લઈ જાવ.

દીકરો ત્યાં લઈ આવ્યો,તો ઇબ્ને અબ્બાસે કુરૈશના લોકોને પૂછ્યુ:તમારામાંથી કોણ છે જે અલ્લાહ,ખુદાને અપશબ્દ અને ખરાબ કહે?

તે લોકોએ ઇબ્ને અબ્બાસથી કીધું:-જે ખુદાને ખરાબ કહે તે કાફિર છે.

ઇબ્ને અબ્બાસે પૂછ્યું તમારામાંથી કોણ છે જે પયગમ્બર સ.અ.વ.ને ખરાબ કહે?

બધાએ કહ્યું:જે પયગંબર સ.અ.વ.ને ખરાબ કહે તે મુશરિક છે.

પછી ઇબ્ને અબ્બાસે પૂછ્યુ:તમારામાંથી કોણે અલી અ.સ.ને માટે ખરાબ કીધુ?

તેઓએ કીધુઃઅમો અલી અ.સ.ના બારામા ખરાબ બોલ્યા છીએ.

ઇબ્ને અબ્બાસે કહ્યુંઃહું ખુદાને ગવાહ બનાવી કહું છુ અને ખુદા ગવાહ છે કે મેં રસુલે ખુદા સ.અ.વ.ને આ કહેતા સાંભળ્યા કે જે અલી અ.સ.ના બારામાં ગાલી ગલોચ કરે તેણે મને ગાલી ગલોચ કર્યું અને જેણે મને ગાલી ગલોચ કર્યું તેણે ખુદાને ગાલી ગલોચ કર્યું અને ખુદાને ખરાબ કહેનાર કાફિર થઈ જાય છે.

પછી ઇબ્ને અબ્બાસે પોતાના દીકરા તરફ રુખ કર્યું અને કહયુઃમારા માં બાપ તારા પર ફિદા થાય તેના બારામાં કહો

نَظَرُوا إِلَیَّ بِأَعْیُنٍ مُحْمَرَّةٍ نَظَرَ التُّیُوسِ إِلَی شِفَارِ الْجَازِرِ

તરજુમો :-

તેઓએ મારી તરફ લાલ આંખો કરી જોયુ જે રીતે જંગલી બકરીને ઝબ્હ કરતી વખતે જોવે છે અને કહો મારા મા બાપ તમારા પર ફિદા થાય.

દીકરાએ કહ્યું :

خُزْرُ الْحَوَاجِبِ خَاضِعِي أَعْنَاقِهِمْ

نَظَرَ الذَّلِيلِ إِلَى الْعَزِيزِ الْقَاهِرِ

તરજુમો:-

આંખોની ખોટ અને નેણની ખોટ જયારે કે તેની ગરદન ઝુકેલી હતી એ રીતે જોઈ રહ્યા હતા,જે રીતે ઝલીલ ઇન્સાન ગાલીબ અને શક્તિશાળીને જોવે છે.

ઇબ્ને અબ્બાસે કહ્યું :મારા માતા પિતા તારા પર ફિદા થાય, હજી કઈક શેઅર કહો.

દીકરાએ કહ્યું:આ સીવાય મારી પાસે નથી.

તો ખુદ ઇબ્ને અબ્બાસ આ શએર પડ્યા

سَبُّوا الْإِلَهَ وَ كَذَّبُوا بِمُحَمَّدٍ     وَوَصِيِّهِ الزَّاكِي التَّقِيِّ الطَّاهِرِ

هُمْ تِسْعَةٌ لُعِنُوا جَمِيعاً كُلُّهُمْ     وَاللَّهُ مُلْحِقُهُمْ غَداً بِالْعَاشِرِ

أَحْيَاؤُهُمْ عَارٌ عَلَى مَوْتَاهُمْ     وَالْمَيِّتُونَ فَضِيحَةٌ لِلْغَابِرِ

તરજુમો :-

તે લોકોએ અલ્લાહને ખરાબ બોલ્યા અને મોહમ્મદ સ.અ.વ.ને જુઠલાવ્યા,અય તેના વસી જે પાક,મુત્તકી અને તાહિર છે, તેને પણ જુઠલાવ્યા,તે નવ છે તેના પર લઅનત થઈ ખુદા તેને કાલે દસમાં સાથે જોડશે તેના હયાત લોકો તેના મુર્દા માટે

શરમિંદા અને બદનામ છે અને તેના મુર્દા તેના ભૂતકાળ માટે શરમિંદા છે.

રાવી કહે છે તે લોકો દસ હતા ઈબ્ને અબ્બાસે તેમના ઠપકારૂપે જે અશઆર કીધા તો એક ચાલ્યો ગયો તે માટે તેમણે કીધું કે આ નવ છે.

(કીફાલ્તુલ તાલિબ પેજ ૮૨,અલ-ગદીર ૨/૨૯૯)

## કિસ્સો નં. ૧૪

## અલી અ.સ.મેં શા માટે તેને થપ્પડ મારવાનો હુકમ આપ્યો?

કાઝી અબુલ કાસીમ અલી ઇબ્નીલ મોહસીન કહે છે કે અબુલ ફરજ અબ્દુલવાહીદ ઇબ્ને નસ્ર મખ્ઝુમી જે બેગ્ગાના નામથી મશહુર હતો તેણે મને આ હિકાયત લખાવી કહે છે:

હું સને ૩૫૦ થી વધારે સોર શહેરમાં અબુ અલી મોહમ્મદ ઇબ્ને મુસ્તામીનની પાસે હતો,તેને મુસ્તામીનુલ્લાહ પણ કહે છે,તેણે કરામતના લશ્કરથી અમાન માંગી,તેની પાસે શહેરના કાઝી અબુલ કાસીમ અલી ઇબ્ને રયાન આવ્યા,જે જવાન,હકીમ,હોશિયાર,વધુ ફઝીલતવાળા

અને મોટા માલદાર હતા,જયારે તે આવ્યો તો રાતનો સમય હતો પરવાનગી માંગી પરવાનગી મળી પછી અંદર દાખલ થયો અને કીધું:અય અમીર!રાતના એક કિસ્સો બન્યો,એના જેવો કિસ્સો પહેલા કોઈ દિવસ નથી બન્યો,એક અંધ અને માઝુર મરીઝ શખ્સ રોજ રાત્રીના ત્રીજા ભાગમાં ઉભો થતો અને શહેરમાં ચક્કર લગાવતો અને બલંદ અવાઝથી કેહતો:

અય ગાફીલો!અલ્લાહને યાદ કરો,અય ગુનેહગારો! ઈસ્તીગફાર કરો,અય મોઆવિયાના દુશ્મનો તમારા પર અલ્લાહની લઅનત થાય.

મારી દાયા (ઘર સંભાળ રાખનાર ઔરત)ની આદત છે કે તેની અવાઝ પર તે ઉઠી જતી,આજે રાત્રે મારી દાઈએ મારી

પાસ આવીને મને ઉઠાડ્યો અને મને કીધું કે હું સુતેલી હતી સ્વપનની હાલતમાં જોયું કે લોકો જામેઅ મસ્જીદ તરફ ભાગી રહ્યા છે,મેં પૂછ્યુંઃશા માટે જાવ છો?,તો લોકો એ કીધું કે ત્યાં રસુલે ખુદા સ.અ.વ. આવ્યા છે,હું પણ મસ્જિદની તરફ ચાલી,મસ્જીદમાં દાખલ થઈ,મેં પયગંબરને મીમ્બર પર જોયા.

હઝરતની સામે એક શખ્સ ઉભા છે અને જમણે ડાબે બે ગુલામ ઉભા છે,લોકો સલામ કરી રહ્યા છે અને હઝરત જવાબ આપી રહ્યા છે,ત્યાં સુધી કે મેં તે અંધ અને માઝુર માણસને જોયો જે શહેરમા ફર્યા કરતો હતો અને અવાઝ આપતો હતો,અય ગાફિલો! ખુદાનો ઝીક્ર કરો વી...,જયારે તે

આંધળો શખ્સ આવ્યો તો તેણે સલામ કરી,પયગમ્બર સ.અ.વ.મેં મોઢું ફેરવી લીધુ,ત્રણ વખત એવુ થયુ હઝરતે મોઢુ ફેરવી લીધુ.

એક શખ્સ હુઝુર સ.અ.વ.ની આગળ ઉભા હતા,કેહવા લાગ્યા :હુઝુર સ.અ.વ!આ આપનો ઉમ્મતી છે,બીમાર છે,કુરઆન હિફ્ઝ કરે છે,આપના પર સલામ કરે છે,આપ જવાબ કેમ નથી આપી રહ્યા?

હઝરતે ફરમાવ્યુ:અય અબુલ હસન!30 વર્ષથી તે આપ અને આપની ઓલાદ પર લઅનત કરે છે.

બસ સામે ઉભેલા શખ્સ સમજી ગયા અને ફરમાવ્યુ:અય કમ્બર! આ સાંભળવું

અને તે માઝુર શખ્સે ભાગવાની કોશિશ કરી.

(મોલાએ કમ્બરને)કહ્યું:તેને થપ્પડ મારો

કમ્બરે એવો થપ્પડ માર્યો કે મોઢાભેર ઝમીન પર પડી ગયો,પછી હુ સ્વપનમાંથી જાગી ગઈ,હવે મને એની અવાઝ નથી સંભળાતી,અને આ જ સમયે તે રાતના અવાઝ આપતો.

અબુ ફરજ કહે છે અય અમીર!કોઈને મોકલીને તેની ખબર મેળવીએ,અમે એક કાસિદને મોકલ્યો જેથી તેની ખબર મેળવી લાવે,કાસીદે આવીને કીધુ કે તે અંધની પત્નીએ કીધું કે તેની ડોક(તેની ગરદન)માં સખ્ત વાગેલું છે,જેના કારણે તે ચક્કર લગાવવા અને અવાઝ કરવા નથી ગયો.

મેં અબુ અલી સતામીનને કીધુંઃઅય અમીર!આ નિશાની છે,તેની ઓળખ મેળવવી વાજિબ છે

અમે સવાર થયા અને થોડીક રાત બાકી હતી,તે મરીઝના ઘરે ગયા,અમે તેને મોઢાભેર સૂતેલો જોયો,તેની અવાઝ બળદ જેવી આવી રહી હતી,અમે તેની પત્ની ને પૂછ્યુંઃકે આને શું થયું?

તેણીએ કહ્યુંઃતેની ગરદનની પાછળ ઘા લાગેલો છે,અને ગરદન તરફ ઈશારો કર્યો અને કીધું કે પહેલા એક મસુરના દાણા જેવો ઝખ્મ હતો,પછી વધી ગયો અને સુજી અને ફૂટી ગયો,અને જે અત્યારે તમે લોકો જોવો છો કે તે બળદના જેવી અવાઝ આવે છે.

અમે તેને મુકીને પરત આવી ગયા,જયારે સવાર પડી તો તે મરી ગયો,(સોર)કસ્બાના લોકો જનાઝા અને તાઝીમ માટે ગયા.

અબુલ ફરજ કહે છે જયારે હું ૩૬૮ હિજરીમાં મોસુલમાં ગયો,અઝદુલ દોલાના ખઝાનચી અબુ નસ્ત્ર ખુરશીદ યઝદયારના ઘરમાં રહ્યો,ત્યાં દરેક વર્ગના લોકો રોઝે જુમઆના રેહતા.મેં તેને આ વાકેઓ સંભળાવ્યો,

ત્યાં કાઝી અબુ તનવ્ખી,અબુલ કાસીમ હુસૈન ઇબ્ને મોહમ્મદ જનાની,અબુ ઇસહાક નસીબી ઈબ્ને તરખાન વી.હાજર હતા,દરેક સિવાય કે કાઝી તન્વીહીએ આ વાકેઓનો ઇનકાર કર્યો,પરંતુ કાઝીએ કહ્યું:આ શક્ય છે,આ વાકેઆ અને તેની સચ્ચાઈની તાકીદ કરી અને તેની જેવા બીજા વાકેઆ પણ સંભળાવ્યા.

પછી તે વાકેઆને થોડો સમય પસાર થયો,પછી હું અબુ નસ્રના ઘરે આદત પ્રમાણે ગયો પછી ઈત્તેફાકથી ઘણા લોકો ભેગા થઈ ગયા.જયારે અમે બેસી ગયા તો એક જવાને મને સલામ કરી જેને હું ઓળખતો ન હતો.

મેં પૂછ્યું:’તમેં કોણ છો?

કીધુંઃઅબુલ કાસીમ ઇબ્ને રયાન સોર શહેરનો કાઝી છુ,

મેં તેને ઘણી તાકીદ સાથે કસમ આપી કે જે કઈ હું પુછુ તેને સાચે સાચું કેહ્જો.

તેણે કીધું કેઃ'હા સાચું કહીશ.મારા ખ્યાલમાં આપ તે અંધ મરીઝના બારામાં પૂછવા માંગો છો,અને તેની અજીબ મૌતના બારામાં?

મેં કીધું ઃહા! તે જ વાકેઓ!

પછી તેણે પૂરો કિસ્સો એજ રીતે સંભળાવ્યો જે રીતે મેં સાંભળ્યો હતો,તમામ લોકો આ કિસ્સાથી આશ્ચર્ય પામ્યા.

(મનાકીબે મગાઝલી ૩૯૪)